RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-282 ■ DATE : 16-03-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


### સુવિચાર

માટી જો ચપલને ચોટીને આવે તો તે ઘરનાં ઉંબરા સુધી જ આવી શકે પણ જો એ માટલું બનીને આવે તો એ ઘરના પાણીયારે પૂજાય છે...



ડ્રીમ સીટી પાસે જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ખુની હુમલોઃ સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો P-4

# ઓડિશાની SCB હોસ્પિટલમાં ભીષણ આગ લાગતા ૧૦ દર્દીઓના મોત

## ICUમાં સારવાર હેઠળ દર્દીઓ આગ-ધૂમાડાની ઝપેટમાં આવ્યા : અન્ય પાંચની હાલત ગંભીર : શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની આશંકા : મુખ્યમંત્રી દોડી ગયા : રૂા.૨૫ લાખની સહાય











**મુખ્ય સમાચાર, કટક**

ઓડિશાના કટકથી એક અત્યંત આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. જ્યાં સોમવારે વહેલી સવારે એક હોસ્પિટલમાં આગ ફાટી નીકળી જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે. એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોઈ શકે. જો કે હજુ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી અને તેના વિશે તપાસ થઈ રહી છે.

સીએમ મોહન ચરણ માંઝીએ જણાવ્યું કે કટકની એસસીબી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ભીષણ આગ લાગવાથી ૧૦ દર્દીઓના મોત થયા છે. મીડિયા રિપોર્ટ મુજબ કેટલાક દર્દીઓને હોસ્પિટલ પરિસરમાં જ નવા મકાનમાં શિફ્ટ કરાયા છે. મુખ્યમંત્રી મોહન માંઝી પણ સ્થિતિની સમીક્ષા માટે હોસ્પિટલ પહોંચ્યા છે.


પ્રત્યક્ષદર્શીઓએ આપેલી માહિતીથી જણાવ્યું છે કે આ દર્દનાક ઘટના રાતે ૨.૩૦થી ૩ વાગ્યાની વચ્ચે ઘટી. બીજી બાજુ અધિકારીઓનું કહેવું છે કે આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોઈ શકે છે. તેમણે જણાવ્યાં મુજબ ફાયર બ્રિગેડ સમયસર ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી પરંતુ આઈસીયુમાં વેન્ટિલેટર સપોર્ટ પર સારવાર હેઠળ દર્દીઓ દમ ઘૂંટવાથી મોતને ભેટ્યા.

મળતી માહિતી મુજબ આગ ટ્રોમા કેર યુનિટના પહેલા માળે લાગી અને પછી ગણતરીની મિનિટોમાં સમગ્ર આઈસીયુમાં ધૂમાડો ફેલાઈ ગયો. તે સમયે વોર્ડમાં અનેક ગંભીર સ્થિતિવાળી દર્દીઓ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર હતા. હોસ્પિટલના કર્મચારીઓ અને ફાયરના કર્મીઓએ તરત બચાવ કામ શરૂ કર્યું પરંતુ કેટલાક નાજુક સ્થિતિવાળા દર્દીઓ ધૂમાડા અને આગની તેજ જ્વાળાઓની લપેટમાં આવી ગયા.

પ્રાથમિક તપાસમાં આવું માનવામાં આવી રહ્યું છે કે આસીયુના એર કંડીશનિંગ સિસ્ટમ કે કોઈ મેડિકલ ઉપકરણમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોઈ શકે. સરકારે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. તપાસમાં એ પણ જાણવામાં આવશે કે શું હોસ્પિટલમાં ફાયર સેફ્ટી પ્રોટોકોલના પાલનમાં કોઈ બેદરકારી વર્તાઈ હતી કે નહીં. મુખ્યમંત્રી મોહન ચરણ માંજી ઘટના સ્થળે દોડી ગયા હતા અને મૃતકોના પરિવારને રૂા.૨૫-૨૫ લાખની સહાયની જાહેરાત કરી હતી.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૩૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૦૪/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |





| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૯,૭૦૦ | ₹૨,૭૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૨.૪૨ | ₹૧૨૨.૬૦ |

## રાજ્યસભાની બેઠકો માટે આજે જંગઃ સાંજ સુધીમાં જાહેર થશે પરિણામો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના ૧૦ રાજ્યોમાં ખાલી પડેલી રાજ્યસભાની ૩૭ બેઠકો માટે આજે ચૂંટણીનો અંતિમ અને નિર્ણાયક તબક્કો શરૂ થયો છે. આ બેઠકોના પરિણામો આજે સાંજ સુધીમાં જાહેર કરી દેવામાં આવશે. કુલ ૩૭ બેઠકો પૈકી ૭ રાજ્યોની ૨૬ બેઠકો પર ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હોવાથી ત્યાં ચિત્ર સ્પષ્ટ છે, પરંતુ બાકીની ૧૧ બેઠકો માટે આજે ભારે રસાકસી વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. હરિયાણા, બિહાર અને ઓડિશાની કુલ ૧૧ બેઠકો માટે આજે સવારે ૯૦૦ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે, જે સાંજે ૪૦૦ વાગ્યા સુધી ચાલશે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તરત જ સાંજે ૫૦૦ વાગ્યાથી મતોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ ત્રણેય રાજ્યોમાં રાજકીય પક્ષોએ પોતાના ધારાસભ્યોને એકજૂથ રાખવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે, તેમ છતાં પરિણામોમાં ઉલટફેર થવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

આજની ચૂંટણીમાં સૌથી મોટું પાસું 'ક્રોસ વોટિંગ' સાબિત થઈ શકે તેમ છે. રાજકીય વિશ્લેષકો અને વર્તમાન ગતિવિધિઓ મુજબ, ત્રણ રાજ્યોમાં અંદાજે ૨૨ થી ૨૫ ધારાસભ્યો અંતિમ ઘડીએ પક્ષના આદેશ વિરુદ્ધ જઈને અન્ય પક્ષના ઉમેદવારને મત આપી શકે છે. જો આમ થશે તો ત્રણ બેઠકો પરના જીત-હારના સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ જશે.

રાજ્યસભામાં પોતાની તાકાત વધારવા માટે ભાજપ અને વિપક્ષી ગઠબંધન બંને માટે આ ૧૧ બેઠકો અત્યંત મહત્વની છે. ૨૬ બેઠકો પર બિનહરીફ વરણી બાદ હવે સૌની નજર આ બાકીની બેઠકો પર ટકેલી છે. ક્રોસ વોટિંગની આશંકાને પગલે તમામ રાજકીય છાવણીઓમાં ભારે ઉત્તેજના અને ફફડાટ જોવા મળી રહ્યો છે. ચૂંટણીના સત્તાવાર પરિણામો અને ક્રોસ વોટિંગના ચોક્કસ આંકડા મોડી સાંજ સુધીમાં સ્પષ્ટ થશે.

## પશ્ચિમ બંગાળમાં ધારાસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ થતા જ મુખ્ય તથા ગૃહસચીવને હટાવાયા

**મુખ્ય સમાચાર, કોલકતા**

પ.બંગાળમાં જાહેર થયેલી ધારાસભા ચૂંટણીના કલાકોમાંજ ચુંટણી પંચે એક આદેશમાં રાજયના મુખ્ય સચિવ તથા ગૃહ સચીવની બદલી કરી તેઓને ચુંટણીલક્ષી કામગીરીથી દુર કરી દીધા છે.

લાંબા સમયથી રાજયની મમતા બેનરજી સરકાર સાથે ટકકરમાં રહેલા પંચે આચાર સંહિતામાં સતા મળતા જ રાજયમાં મુખ્ય સચીવ નંદીની ચકવોર્તીને સ્થાને ૧૯૯૬ બેચના અધિકારી દુષ્યંત નારીયાલાને મુખ્ય સચીવ તરીકે મુકયા છે.

તો રાજયના ગૃહ વિભાગના પ્રિન્સીપાલ સચીવ તરીકે ફરજ બજાવતા જગદીશ પ્રસાદ મીનાના સ્થાને ૧૯૯૭ બેચના આઈએએસ અધિકારી સંઘમિત્રા ઘોષને નવા ગૃહ સચીવ બનાવ્યા છે.





પંચે આ આદેશનો તાત્કાલીક અસરથી અમલી બનાવ્યા છે. તૃણમુલ કોંગ્રેસે આ બદલી પર સીધો પ્રહાર કરતા કટાક્ષ કર્યો કે ચુંટણીપંચે તેના રાજકીય બોસને ખુશ કરવા આ બદલી કરી છે પણ તે બંગાળની જનતાના હૃદય જીતી શકશે નહી.

તેઓ મમતા બેનરજીને લોકોના હૃદયમાંથી દુર કરી શકશે નહી. જયારે ભાજપે જણાવ્યું કે પોલીટીકલ લીંક ધરાવતા કોઈ અધિકારી ચુંટણી મશીનરીમાં સામેલ ન હોય તે નિશ્ચિત કરવામાં આવ્યુ છે.

રાજયમાં બે તબકકામાં ધારાસભા ચુંટણીઓ યોજાઈ રહી છે જે તા.૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થશે.

## હોર્મુઝ સામુદ્રધુનીમાં ભારતીય જહાજોની અવરજવર અંગે સામાન્ય સમજુતી કરાઇ નથી : જયશંકર

વિદેશ મંત્રી એસ. જયશંકરે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય જહાજોના પસાર થવા અંગે અત્યંત મહત્વનું નિવેદન આપ્યું છે. પ્રતિષ્ઠિત અખબાર 'ફિનાન્શિયલ ટાઈમ્સ'ને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન સાથે ભારતીય જહાજો માટે કોઈ સામાન્ય કે સામૂહિક સમજૂતી કરવામાં આવી નથી. આ ક્ષેત્રમાંથી પસાર થતા દરેક ભારતીય જહાજની અવરજવરને એક અલગ અને વ્યક્તિગત ઘટના તરીકે જોવામાં આવે છે. અગાઉ એવા અહેવાલો વહેતા થયા હતા કે ભારત અને ઈરાન વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોને કારણે તમામ ભારતીય જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી મુક્તપણે પસાર થવા દેવામાં આવશે. જોકે, એસ. જયશંકરના નિવેદને આ અટકળો પર વિરામ મૂક્યો છે. વિદેશ મંત્રીએ જણાવ્યું કે, હોર્મુઝમાંથી પસાર થવા માટે દરેક જહાજે વ્યક્તિગત ધોરણે મંજૂરી મેળવવી પડે છે.

## દુબઇના એરપોર્ટને ફરી નિશાન બનાવતું ઈરાન : ઉડ્ડયનો રદ

**મુખ્ય સમાચાર, દુબઇ**

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઇઝરાયેલ સામે ભીષણ જંગ ખેલી રહેલા ઇરાને અખાતી દેશો પર હુમલા ચાલુ રાખ્યા હોય તેમ ફરી વખત દુબઇ એરપોર્ટને નિશાન બનાવ્યું હતું. ડ્રોન હુમલાથી ફ્યુઅલ ટેન્કમાં આગ ફાટી નીકળતાં અફડાતફડી મચી ગઇ હતી અને એરપોર્ટ પરનું તમામ કામકાજ બંધ કરી દેવામાં આવ્યું હતું.



ઇરાને યુએઇ, સાઉદી અરેબીયા, ઇરાક સહિતના ગલ્ફ દેશો પર હુમલા ચાલુ રાખ્યા હતા. ખાસ કરીને વિશ્વના સૌથી સુરક્ષિત શહેરોમાં સ્થાન પામતા દુબઇની હાલત ખરાબ કરી નાખી હોય તેમ અત્યાર સુધીમાં અર્ધો ડઝન ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા.

આજે વધુ એક વખત ડ્રોનથી દુબઇના એરપોર્ટને નિશાન બનાવવામાં આવ્યું હતું. ડ્રોન ત્રાટકતા એરપોર્ટની ફ્યુઅલ ટાંકી સળગી ઉઠી હતી. ભીષણ આગને પગલે ધૂમાડાના ગોટેગોટા દેખાયા હતા. તત્કાળ આગને કાબૂમાં લેવાના પ્રયત્નો હાથ ધરાયા હતા. એરપોર્ટ પર અફડાતફડી મચી હતી અને તમામ કામકાજ બંધ કરી દેવાયા હતા.

દુબઇ સિવીલ એવીએશન ઓથોરીટી દ્વારા પ્રવાસીઓ તથા સ્ટાફની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઇન્ટરનેશનલ એરપોર્ટ પર તમામ ઉડ્ડયનો રદ કરી દેવામાં આવ્યા હતાં. ઇરાન દ્વારા કરાયેલા ડ્રોન હુમલાથી એરપોર્ટ આસપાસની ફ્યુઅલ ટેન્ક નિશાન બની હતી.

થોડા સમયમાં જ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો અને સાથોસાથ સુરક્ષા પ્રોટોકોલ સક્રિય કરી દેવામાં આવ્યા હતા. આગ પર નિયંત્રણ આવી ગયા બાદ પરિસ્થિતિને સામાન્ય બનાવવા પ્રયત્ન શરુ કરવામાં આવ્યા હતા.

સત્તાવાર સાધનોએ જણાવ્યું હતું કે આગથી કોઇ જાનહાનિ કે કોઇને ઇજા થઇ નથી. સોશ્યલ મીડિયા પર દુબઇ એરપોર્ટની નજીક ફ્યુઅલ ટેન્ક પર થયેલા ડ્રોન હુમલાનો વીડિયો વાયરલ થયો છે જો કે આ વીડિયો સાચો છે કે કેમ તેની દુબઇ સત્તાવાળાઓ દ્વારા ખરાઇ કરવામાં આવી નથી.

## યૌન શોષણની પીડિત બાળકીઓને વારંવાર કોર્ટમાં ન બોલાવો..' : ટ્રાયલ કોર્ટને દિલ્હી હાઈકોર્ટની ફટકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે પોક્સો કેસના પીડિતોને વારંવાર કોર્ટમાં હાજર રહેવા માટે સમન્સ મોકલવામાં નીચલી અદાલતોના વલણ પર ચિંતા વ્યક્ત કરી છે અને તેમને ફટકાર લગાવી છે. હાઈકોર્ટના જજ સ્વર્ણ કાંત શર્માની કોર્ટે નિર્દેશ આપ્યો છે કે, ટ્રાયલ અથવા જામીનની સુનાવણી દરમિયાન પીડિત સગીર બાળકીઓને વારંવાર કોર્ટમાં બોલાવવું યોગ્ય નથી. આમ કરવાથી બાળકોને માનસિક વેદના અને ફરીથી ટ્રોમાનો સામનો કરવો પડી શકે છે. આ કેસ ૨૦૨૨ના યૌન શોષણના કેસ સાથે સંબંધિત છે, જેમાં સગીર પીડિતાને ટ્રાયલ દરમિયાન ૯ વખત કોર્ટમાં હાજર થવું પડ્યું હતું. એટલું જ નહીં, હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું.

બાર એન્ડ બેન્ચના એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ સ્વર્ણ કાંત શર્માની





કોર્ટે કહ્યું કે, 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ કોર્ટે ચાઈલ્ડ ફ્રેન્ડલી પ્રક્રિયા અપનાવવી જોઈએ, જેથી પીડિત બાળકીઓને વારંવાર અથવા બિનજરૂરી રીતે કોર્ટમાં હાજર ન રહેવું પડે. જો શક્ય હોય તો બાળકોના નિવેદનો રેકોર્ડ કરવા માટે વિડીયો કોન્ફરન્સિંગનો ઉપયોગ કરવામાં આવે, જેથી તેમને કોર્ટમાં આવવાની જરૂરિયાત ઓછી પડે.'

કોર્ટે પોતાના આદેશમાં આગળ કહ્યું કે, પીડિતાને જામીન અરજીઓની સુનાવણી દરમિયાન પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ જો એકવાર પીડિતાના વાંધા કે જામીન પરના મંતવ્યો નોંધાઈ જાય, તો દરેક સુનાવણીમાં તેમની શારીરિક કે વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પર ભાર મૂકવો યોગ્ય નથી.

આ ટિપ્પણી હાઈકોર્ટે ૨૦૨૨માં દાખલ કરાયેલા એક યૌન શોષણના કેસની ત્રણ સગીર પીડિતાઓની અરજી પર સુનાવણી કરતા કરી હતી. અરજી પ્રમાણે ત્રણેય છોકરીઓ ગુમ થઈ ગઈ હતી અને બાદમાં દિલ્હીમાં મળી આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, તેમને ઘણા આરોપીઓ દ્વારા બે દિવસ સુધી બંધક બનાવીને તેમનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું અને ધમકી આપવામાં આવી હતી. આ કેસમાં દુષ્કર્મ, માનવ તસ્કરી અને પોક્સો એક્ટ હેઠળ પણ આરોપો જોડવામાં આવ્યા હતા.

## હિટવેવ સર્જાયા બાદ હવમાનમાં પલ્ટો : દિલ્હીથી રાજસ્થાન સુધી વરસાદની આગાહી

### હિમાચલ - કાશ્મીરમાં હિમવર્ષા થતા સેંકડો પ્રવાસી ફસાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં ઉનાળો શરૂ થઇ જ ગયો છે અને પ્રારંભિક દિવસોમાં જ હીટવેવની હાલત સર્જાયા બાદ હવે એકાએક હવામાનપલ્ટો સર્જાયો છે. હિમાચલ-કાશ્મીરમાં હિમવર્ષા-વરસાદથી ફરી ઠંડીનો માહોલ સર્જાવા સાથે સેંકડો પ્રવાસીઓ ફસાઇ ગયા હતા. હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. દિલ્હીથી માંડીને રાજસ્થાન સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશના પાટનગર શિમલા સહિત રાજ્યના અનેક ભાગોમાં તે જ પવન સાથે હિમ-વર્ષા, વરસાદ તથા કરા વરસ્યા હતા. એકાએક હવામાન પલ્ટાથી પ્રવાસીઓ રોમાંચિત બન્યા હતા. પરંતુ હવામાન ભીષણ બનતા અટવાઇ જવાનો



વખત આવ્યો હતો.

શિમલા, મનાલી, લાહોલ-સ્પીતિ જેવા ભાગોમાં પ્રવાસે ઉમટેલા સેંકડો પ્રવાસીઓએ આખી રાત અટલ ટનલ રોહતાંગ પાસે અટવાયું પડ્યું હતું. નવી હિમવર્ષાથી માર્ગો 'સ્લીપરી' બની ગયા હતા. વાહનો લપસી જવાનું જોખમ હતું એટલે એકાદ હજાર વાહનો આખી રાત અટલ ટનલ પાસે અટવાયેલા રહ્યા હતા.

હિમાચલમાં રોહતાંગ સહિતના ક્ષેત્રોમાં રવિવારે બપોર બાદ હિમવર્ષા શરૂ થઇ હતી અને માત્રા વધતી રહેતા ઠેકઠેકાણે અર્ધો અર્ધો ફૂટ બરફના થર જામી ગયા હતા. બપોર સુધી પ્રવાસનો આનંદ ઉઠાવનારા પ્રવાસીઓની પછી ફસાઇ ગયાની હાલત થઇ હતી. વાહનો લપસવા લાગતા અન્ય વાહનોને અટકાવી દેવાયા હતા. શિમલા ઉપરાંત ચંબા, કુલ્લુ, મંડી, લાહોલ સ્પીતિ, કિન્નૌર, કાંગવ, મેવા ક્ષેત્રોમાં હિમવર્ષા થઇ હતી. ૧૫૦ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા. માર્ચ મહિનામાં જાન્યુઆરી-ફેબ્રુઆરીની ઠંડીનો અનુભવ થયો હતો. શિમલામાં તો ન્યુનત્તમ તાપમાન ૧૦ ડીગ્રીથી નીચે ઉતરી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા આવતા થોડા દિવસ હવામાન ખરાબ જ રહેવાની આગાહી કરવામાં આવી છે. ૧૭મીએ નવું વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સર્જાશે અને તેની અસરે તા.૨૧ સુધી હળવો વરસાદ-હિમવર્ષા થઇ શકે છે. દિલ્હીથી માંડીને રાજસ્થાન સુધી અસર રહી શકે છે.

## સંયુકત યુએઇમાં સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરનારા વીડિયો પોસ્ટ કરવા બદલ ૩૫ની ધરપકડ

**મુખ્ય સમાચાર, દુબઇ**

દુબઇ સંયુક્ત આરબ અમીરાત એ સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરનારા અને બનાવટી વીડિયો પોસ્ટ કરવા બદલ ૩૫ લોકોની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. આમાં ૧૯ ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે.

આ વીડિયો એવા સમયે શેર કરવામાં આવ્યા હતા જ્યારે ગયા મહિનાના અંતમાં ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલી હવાઈ હુમલા પછી મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો હતો. UAEના અધિકારીઓનું કહેવું છે કે આ લોકોએ ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને છેડછાડવાળા વીડિયો અને ખોટી વાર્તાઓ ફેલાવી હતી, જે પ્રાદેશિક પરિસ્થિતિ વિશે મૂંઝવણ અને ભય પેદા કરી શકે



છે. તપાસ પૂર્ણ થયા પછી, આ બધા આરોપીઓ પર ફાસ્ટ-ટ્રેક ટ્રાયલ ચલાવવામાં આવશે.

આ કાર્યવાહી બે તબક્કામાં કરવામાં આવી છે. તાજેતરમાં જાહેર કરાયેલી યાદીમાં વિવિધ દેશોના ૨૫ વ્યક્તિઓના નામ છે, જેમાં ૧૭ ભારતીયોનો સમાવેશ થાય છે. શનિવારે અગાઉ, બે ભારતીય નાગરિકો સહિત ૧૦ વ્યક્તિઓ સામે ધરપકડના આદેશ જારી કરવામાં આવ્યા હતા.

યુએઈના એટર્ની-જનરલ ડો. હમાદ સૈફ અલ શમ્સે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે ડિજિટલ પ્લેટફોર્મ પર કડક દેખરેખ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ ત્રણ અલગ-અલગ જૂથોમાં કાર્યરત હતા..

જે બધા ખોટી અથવા ભ્રામક સામગ્રી ફેલાવવા માટે અલગ-અલગ પદ્ધતિઓનો ઉપયોગ કરતા હતા. કેટલાકે વર્તમાન ઘટનાઓને લગતા વાસ્તવિક વિડિઓઝ પોસ્ટ કર્યા, કેટલાકે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને નકલી વિડિઓઝ બનાવ્યા, જ્યારે અન્યોએ યુએઈને પ્રતિકૂળ ગણતા દેશની લશ્કરી કાર્યવાહીની પ્રશંસા કરતી સામગ્રી શેર કરી.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર જિલ્લામાં નકલી ડોક્ટરોનો રાફડો ફાટ્યો, ચાર આરોપી ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે કેટલાક બોગસ તબીબો ચેડા કરી રહ્યા છે, તેવી માહિતીના આધારે એસ.ઓ.જી.શાખાની ટુકડીએ.જામનગર તાલુકાના દરેડ, સચાણા ઉપરાંત મેઘપર પંથકમાં દરોડાઓ પાડ્યા હતા, અને એકી સાથે ચાર બોગસ તબીબોને ઝડપી લીધા છે, અને તેઓ સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડીએ સચાણા ગામમાં ચેકિંગ હાથ ધર્યું હતું, જયાં વલીમામદ અહમદભાઈ કક્કલની ઓરડી ભાડે રાખીને દવાખાનું ચલાવી રહેલા મૂળ પશ્ચિમ બંગાળના વતની મધુમંગલ આનંદભાઈ બિશ્વાસ નામના બોગસ તબીબ ને ઝડપી લીધો હતો.જે પોતાના પાસે કોઈપણ પ્રકારની મેડિકલને લગતી ડીગ્રી ન હોવા છતાં ગરીબ દર્દીઓને તપાસી લઈ તેના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો. જેથી તેની દુકાનમાંથી મેડિકલ પ્રેક્ટિસ ને લગતા સાધનો કબજે કરી લીધા છે, અને તેની સામે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં મેડિકલ પ્રેક્ટિસનર્સ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ ગુનો દાખલ કરાવ્યો છે.આ ઉપરાંત જામનગર નજીક દરેડ વિસ્તારમાં એક ભાડાની ઓરડીમાં દવાખાનું ચલાવી રહેલા જગદીશ હમીરભાઈ મકવાણા નામના શખ્સ ને પણ ઝડપી લીધો હતો. જેની પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવા છતાં મેડીકલ પ્રેક્ટિસ કરી રહ્યા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેથી તેની સામે પણ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો છે.એસ.ઓ.જી.ની ટુકડીએ લાલપુર નજીક મેઘપર ગામમાં પણ જુદા જુદા બે સ્થળોએ દરોડા પાડ્યા હતા, અને ત્યાંથી પ્રોવાસ નિત્યાનંદ બિશ્વાસ નામના પશ્ચિમ બંગાળના એક શખ્સ તેમજ મિલ્ટન રતનભાઇ બિશ્વાસ નામના બે બોગસ તબીબો ને પણ ઝડપી લીધા હતા. તેઓ બંને સામે પણ પડાણા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે, અને તેઓના દવાખાનામાંથી પણ મેડિકલ પ્રેક્ટિસ અંગેના જરૂરી સાધનો અને દવાઓનો જથ્થો કબજે કર્યો છે.



# મોરબીમાં બે અલગ અલગ જગ્યાએ આગની ઘટના, ફાયર ટીમે સમયસર કાબૂ મેળવ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ગઈકાલે રવિવારે ફાયર કંટ્રોલ રૂમ ૧૦૧ ઉપર આગ લાગવાના બે અલગ અલગ બનાવ નોંધાયા હતા. જેમાં યદુનંદન ચેમ્બર નજીક દુકાનમાં તથા શક્તિપ્લોટ વિસ્તારમાં મકાનમાં લાગેલી આગ પર ફાયર ટીમે સમયસર પહોંચી આગ ઉપર કાબૂ મેળવતા કોઈ જાનહાનિ થઈ નથી.

મોરબી શહેરમાં ગઈકાલ તા.૧૫/૦૩/૨૦૨૬ના રોજ રવિવારે ફાયર કંટ્રોલ રૂમ ૧૦૧ ઉપર આગ લાગવાના બે અલગ અલગ બનાવ નોંધાયા હતા. પ્રથમ બનાવ સાંજે લગભગ ૫.૫૬ વાગ્યે ડો. તક્ષસિંહજી રોડ પર ગાંધી ચોક નજીક આવેલ યદુનંદન ચેમ્બર પાસેની એક દુકાનમાં અજાણ્યા કારણોસર આગ લાગવાની ઘટના બની હતી. જાણ થતા ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે આગ લાગવાનો બીજો બનાવ રાત્રે લગભગ ૯.૫૬ વાગ્યે શક્તિપ્લોટ શેરી નંબર ૧૨ મહેશ હોટેલ સામેની શેરીમાં આવેલ એક મકાનમાં બન્યો હતો, જ્યાં એક્ઝોસ્ટ ફેનમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમે ઝડપથી કાર્યવાહી કરી આગને કાબૂમાં લીધી હતી. બંને બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.



# જામનગર જિલ્લામાં યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતમાં ૨૧.૭૬ કરોડથી વધુની રકમનું સેટલમેન્ટ : ૭,૧૬૬ કેસોનો સુખદ નિકાલ લવાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ એન. આર. જોષીના નેતૃત્વમાં તારીખ ૧૪ માર્ચ, ૨૦૨૬ના રોજ જામનગર જિલ્લા અદાલત તથા તેના તાબાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.આ લોક અદાલતમાં અંદાજે ૨૫ જેટલા જ્યુડિશિયલ ઓફિસરોએ ભાગ લીધો હતો, જ્યારે બેંકિંગ સંસ્થાઓ, મોબાઈલ કંપનીઓ અને પી.જી.વી.સી.એલ. જેવી ૧૫ જેટલી વિવિધ સંસ્થાઓએ પણ આ પ્રક્રિયામાં જોડાઈને સહયોગ આપ્યો હતો. પક્ષકારો વચ્ચે પરસ્પર સમજાવટ અને સમાધાનકારી વલણ દ્વારા કેસોના ઝડપી નિકાલ માટે આ લોક અદાલત સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ છે.આ



રાષ્ટ્રીય લોક અદાલત દરમિયાન વિવિધ પ્રકારના કાનૂની વિવાદો જેવા કે ફોજદારી સમાધાનપાત્ર કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ચેક રિટર્નના કેસો, બેંક રિકવરીના દાવાઓ અને મોટર અકસ્માત વળતરના કેસોનો અગ્રતાના ધોરણે નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત લેબર તકરાર, લગ્ન વિષયક અને કૌટુંબિક વિવાદો, વીજળી અને પાણીના બિલોને લગતા પ્રશ્નો, જમીન સંપાદનના કેસો તેમજ સર્વિસ મેટરના પે-એલાઉન્સીસ અને નિવૃત્તિના લાભોને લગતા કેસોમાં પણ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.સાથે જ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડિંગ હોય તેવા રેવન્યુ કેસો તથા અન્ય સિવિલ કેસો જેમાં ભાડુઆત, સુખાધિકાર હક, મનાઈ હુકમના દાવા અને સ્પેસિફિક પરફોર્મન્સ જેવા ગંભીર વિષયોનો પણ સમાધાનકારી રીતે અંત લાવવામાં આવ્યો હતો.આ સફળ આયોજનના અંતે જામનગર જિલ્લામાં કુલ ૭,૧૬૬ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં પક્ષકારો વચ્ચે કુલ રૂ. ૨૧,૭૬,૯૭,૮૪૧- જેવી માતબર રકમનું સેટલમેન્ટ થયું છે. લોક અદાલતના માધ્યમથી મોટી સંખ્યામાં કેસોનો નિકાલ આવતા ન્યાયતંત્ર પરનું ભારણ ઘટ્યું છે અને પક્ષકારોને લાંબી કાનૂની પ્રક્રિયામાંથી મુક્તિ મળી છે, તેમ સચિવ અને એડિશનલ સીનિયર સિવિલ જજ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# માળીયા(મી)ના વાડા વિસ્તારમાં બંધ ઓરડીમાંથી વિદેશી દારૂની ૨૦૭ બોટલ પકડાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)માં વાડા વિસ્તારમાં આરોપી સીરાજ સધવાણીની કબ્જા ભોગવટા વાળી ઓરડીમાં રેઇડ કરી વિદેશી દારૂનો રૂ.૨.૨૬ લાખનો જથ્થો પકડી લેવામાં આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી એલસીબી પોલીસે આરોપી સામે માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે. મોરબી એલસીબી પોલીસને બાતમી મળી કે, સીરાજ કરીમભાઈ સધવાણી રહે. માળીયા(મી)વાળો વાડા વિસ્તારમાં આવેલ પોતાના કબ્જા વાળી ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જે બાતમી અન્વયે તુરંત એલસીબી પોલીસ ટીમે ઉપરોકત સ્થળે ઓરડીમાં દરોડો પાડ્યો હતો, જો કે દરોડા દરમિયાન આરોપી હાજર મળી આવ્યો ન હતો. ત્યારે એલસીબી પોલીસે વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૦૭ નંગ બોટલ કિ.રૂ.૨,૨૬,૭૦૦/- કબ્જે લઈ આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં આમ આદમી પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આગામી સ્થાનિક સ્વર-ાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મોરબીમાં આમ આદમી પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની બેઠકો માટે દાવેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.




આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના ભણકારા વચ્ચે મોરબીમાં આમ આદમી પાર્ટી દ્વારા સંગઠનાત્મક તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે આમ આદમી પાર્ટી મોરબી જીલ્લા ટીમ દ્વારા મોરબી-માળિયા વિધાનસભા વિસ્તારમાં આવતી તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની બેઠકો માટે સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. આ પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવા ઇચ્છુક દાવેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની દાવેદારી રજૂ કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન દિલ્લી સંગઠન ટીમમાંથી ગુજરાત ઝોન સહ પ્રભારી સુરેન્દર કૌશિક, કચ્છ ઝોન પ્રભારી સંજયભાઈ બાપટ, મોરબી જીલ્લા પ્રભારી પંકજભાઈ રાણસરિયા, જીલ્લા પ્રમુખ મહાદેવભાઈ સરડવા, ગુજરાત પ્રદેશ સહ સંગઠન મંત્રી કાંતિલાલભાઈ બાવરવા તેમજ જીલ્લા મહામંત્રી પંકજભાઈ આદ્રોજા અને રમેશભાઈ સદાતીયાની હાજરીમાં પ્રથમ ચરણની સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

# મોરબીમાં રસ્તા ઉપર ચાલવા મુદ્દે પ્રૌઢ વેપારી પર હુમલો, બે મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાયો

## શનાળા-ઘુનડા રોડ પર સોસાયટીના ગેટ પાસેથી નીકળતા રસ્તા ઉપર નહિ ચાલવાનું કહી આરોપીઓનો પથ્થરમારો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શનાળા-ઘુનડા રોડ પર આર્યગ્રામ સોસાયટીના ગેટ પાસેથી જતા રસ્તા પર ચાલવાની ના પાડીને પ્રૌઢ વેપારી પર હુમલો કરાયો હતો. ઘટનામાં પથ્થરમારો કરી વેપારીને ઈજા પહોંચાડી હતી. હાલ ભોગ બનનારની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે બે મહિલા સહિત પાંચ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મળતી વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદમાં, રાજનગર સોસાયટી પંચાસર રોડ ખાતે રહેતા અને અયોધ્યાપુરી મેઈન રોડ પર ''બજરંગ ટુલ્સ'' નામની દુકાન ચલાવતા મુકેશભાઈ ગોવિંદભાઈ પારેજીયા ઉવ.૫૩ ગઈકાલ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ શનાળા-ઘુનડા રોડ ઉપર ગ્રીન સિટી સોસાયટી સામે આવેલ સનાતન ગ્રામ સોસાયટીમાં આવેલ અથર્વવેદ એપાર્ટમેન્ટમાં પોતાના ફ્લેટમાં ચાલતા ફર્નિચર કામની તપાસ કરવા ગયા હતા. જ્યાંથી પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે તેઓ આર્યગ્રામ સોસાયટીના ગેટ પાસે પહોંચ્યા ત્યારે ત્યાં રહેનાર ચીરાગભાઈ ધરમસીભાઈ વડસોલા, જયશુખભાઈ કાનજીભાઈ પનારા, કોમલબેન જયશુખભાઈ પનારા, અલ્પાબેન ચીરાગભાઈ વડસોલા તથા રાકેશભાઈ કાંતિભાઈ મેરજા સાથે બોલાચાલી થઈ હતી. આરોપીઓએ આ રસ્તો પોતાની સોસાયટીનો હોવાનું કહી ફરિયાદીને ત્યાંથી પસાર થવા મનાઈ કરી અને આરોપીઓએ ગાળો આપી ધમકીઓ આપી હતી અને ચીરાગભાઈ વડસોલાએ ઉશ્કેરાઈ જઈ પથ્થરો ફેંકતા ફરિયાદીના ડાબા હાથમાં ઈજા પહોંચી હતી. જે બાદ તેમને સારવાર માટે મોરબીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સીટી એ ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ અને જીપી એક્ટ મુજબ બે મહિલા સહિત પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર ગાયત્રી શક્તિપીઠમાં પ્રજ્ઞા પુરાણ કથાથી સેવા પ્રવૃત્તિઓને મળશે નવી શક્તિ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર ગાયત્રી શક્તિપીઠ ખાતે ચાલી રહેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને સહાયરૂપ થવા માટે આવનાર તા. ૨૯ માર્ચથી પાંચ દિવસીય પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં મળનાર ફાળો સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે.






વાંકાનેર ગાયત્રી શક્તિપીઠમાં માનવ સેવા અને સામાજિક પ્રવૃત્તિઓનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. મોરબીના ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા ગાયત્રી ઉપાસક મણીભાઈ ગડારા દ્વારા તા.૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ વાંકાનેર ગાયત્રી શક્તિપીઠની મુલાકાતે આવેલા બહેનોનું આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચના મોરબી જીલ્લા પ્રમુખ ચાંદનીબેન એમ. મણીયાર, જાગૃતિબેન ગઢીયા, કંચનબેન કાનાણી તેમજ આનંદ ગરબા અને સત્સંગ મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વાંકાનેર ગાયત્રી શક્તિપીઠ ખાતે ઉપાસક અશ્વિનભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા અનેક પ્રકારની સેવાકીય તથા સામાજિક પ્રવૃત્તિઓ સતત ચલાવવામાં આવી રહી છે. જેમાં અન્નપૂર્ણા ટિફિન સેવા, વાત્સલ્ય મંદિરમાં મંદબુદ્ધિ તથા વિકલાંગ બાળકોની સેવા, ધોરણ ૧ થી ૯ સુધીના બાળકોને મફત શિક્ષણ, આરોગ્યવર્ધક પ્રવૃત્તિઓ તેમજ ગૌશાળાની સેવા જેવી માનવતાધારિત કામગીરીનો સમાવેશ થાય છે. આ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સંસ્થાનો રોજનો ખર્ચ આવક કરતાં વધુ હોવાથી સંસ્થાને સહાયરૂપ થવા માટે આવનાર તા.૨૯/૦૩/૨૦૨૬ થી રાત્રિના સમયે પાંચ દિવસીય પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કથાનું વક્તવ્ય પાયલબેન પટેલ દ્વારા કરવામાં આવશે, જે પોતાની ભાવમય અને પ્રેરણાદાયી શૈલીથી શ્રોતાઓને આધ્યાત્મિક રસપાન કરાવશે. આ કથા દરમિયાન મળનાર દરેક પ્રકારનો ફાળો વાંકાનેર ગાયત્રી શક્તિપીઠની સેવાકીય પ્રવૃત્તિઓને સમર્પિત કરવામાં આવશે. આ આયોજનથી સમાજમાં સેવા, સંસ્કાર અને આધ્યાત્મિકતા વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મોરબીમાં વ્યાજખોર પિતા-પુત્રના ત્રાસથી આધેડે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

## ૬૫ હજાર વ્યાજે લીધેલા રૂપિયાનું ૫૦ હજાર વ્યાજ ચૂકવ્યા છતાં ઉઘરાણી કરી ધમકીઓ આપી, બી ડિવિઝન પોલીસે પિતા-પુત્ર સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર વિસ્તારમાં રહેતા એક આધેડ મજૂરે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પત્નીની સારવાર માટે વ્યાજે લીધેલ રકમનું ૫૦ હજાર જેટલું નિયમિત વ્યાજ ચૂકવ્યા છતાં ઉઘરાણી અને ધમકીઓ આપતા વ્યાજખોર પિતા-પુત્ર સામે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ લીલાપર પ્રકાશનગર સોસાયટી શેરી નં.૨ માં રહેતા અને લીલાપર ચોકડી નજીક નવાગામ રોડ પર આવેલા પંકજ પોટરીના કારખાનામાં મજૂરી કરતા હરેશભાઈ માવજીભાઈ જાદવ ઉવ.૪૬એ આરોપી ધનજીભાઈ દેવજીભાઈ જાદવ તથા મહેશભાઈ ધનજીબગાઈ જાદવ બન્ને રહે. મોરબી-૨ સો ઓરડી વાળા વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ માં ફરિયાદીના પત્ની કમળાબેનની તબિયત ખરાબ હોવાથી સારવાર માટે ઉપરોક્ત આરોપી પિતા-પુત્ર પાસેથી માસિક ૫% વ્યાજે ૩૦ હજાર અને ૩૫ હજાર એમ કુલ ૬૫ હહર રૂપિયા લીધા હતા, જે રકમનું આજદિન સુધીમાં ૬૫૦ હજાર જેટલું નિયમિત વ્યાજ ચૂકવી આપ્યા છતાં આરોપીઓ વારંવાર રૂબરૂ તેમજ ફોન દ્વારા વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરી ધમકાવતા હતા. ત્યારે ગત તા.૦૭/૦૩ના રોજ વ્યાજખોર બંને પિતા-પુત્રની ધમકીઓ અને દબાણથી કંટાળી ફરિયાદી હરેશભાઈએ પોતાના ઘરે ફીનાઈલ પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેમના ભાઈ રમેશભાઈ અને પત્ની કમળાબેન તેમને મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. હાલ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ સામે ભાર-તીય ન્યાય સંહિતા કલમ તેમજ ગુજરાત નાણા ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકાએ ૧૨૪ અનધિકૃત બાંધકામોને નિયમિત કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વિકાસ પરવાનગી અને ઈમ્પેક્ટ ફીના નિયમો અંતર્ગત અરજીઓની ચકાસણી કરી ૧૨૪ અનધિકૃત બાંધકામોને નિયમિત કરવામાં આવ્યા છે. સાથે જ ૫૦ વિકાસ પરવાનગીની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા મંજૂર તથા અમલી વિકાસ યોજનાના નિયમો મુજબ વિકાસ પરવાનગી અને ઈમ્પેક્ટ ફીના કાયદા અંતર્ગત અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા મહાનગરપાલિકા બન્યા બાદથી અત્યાર સુધી મળેલ તમામ અરજીઓની નિયમો મુજબ ટેકનિકલ ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન જે અરજીઓ જરૂરી માપદંડો પૂર્ણ કરતી હતી તેના પર જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત થયેલ હાલની વિકાસ યોજના વિસ્તારની અરજીઓમાંથી કુલ ૧૨૪ અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વિકાસ પરવાનગી માટે મળેલી કુલ ૫૦ અરજીઓનું પણ વિગતવાર ચકાસણી કરી તેને મંજૂરી આપવામાં આવી છે, જેથી શહેરમાં સુવ્યવસ્થિત અને નિયમબદ્ધ વિકાસ સુનિશ્ચિત થઈ શકે. આ સાથે મોરબી મનપા દ્વારા જણાવ્યું છે કે ભવિષ્યમાં આવનારી અરજીઓ પર પણ પારદર્શક રીતે કાર્યવાહી કરવામાં આવશે અને તમામ અરજીઓનો ઝડપી નિકાલ કરવામાં આવશે.

# ઉપલેટાનાં ગઢાળા ગામનો ચેક ડેમ છેલ્લા સાત વર્ષથી તુટેલ હાલતમાં પૂર્વ સરપંચે સિંચાઈ મંત્રીને લખ્યો પત્ર

**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ - વિજય રાડીયા**

ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે રાજ્યના સિંચાઈ મંત્રીને પત્ર પાઠવીને જણાવેલ છે કે આજે છેલ્લા સાત વર્ષ થી ગઢાળા ગામની બાજુમાં આવેલ મોજ નદીમાં છેલ્લા ૫૦ વર્ષથી ચેકડેમ આવેલ હતો આ ચેકડેમનો લાભ સાત ગામના ખેડૂતોના મડતોહતો પરંતુ છેલ્લા ૭ વર્ષમાં ગામ લોકોએ તેમજ પાંચ ગામના લોકોએ સત્તાવાળાઓને અનેક વખત રજૂઆત કરે પરંતુ હજુ સુધી આ ચેકડેમ રીપેર કરવામાં આવેલ નથી જેને કારણે છેલ્લા સાત વર્ષથી નદીમાં રોકાતું પાણી વહી જાય છે નદી ખાલી ખમ દેખાય છે ત્યારે સરકાર મોટી મોટી જાહેરાત કરે છે પાણી રોકો ની પરંતુ ખેડૂતોને જે જરૂર છે તે કામગીરી આ સરકારમાં થતી નથી માત્ર ને માત્ર મોટી મોટી જાહેરાતો કરે છે પરંતુ આ સરકારે ૩૦ વર્ષમાં એક પણ નદીનો મોટો ડેમ બનાવેલ નથી જો આ ચેકડેમ ની કામગીરી ટુંક સમયમાં કરવા માનહી આવે તો ખેડૂતો સરકાર સામે આંદોલન કરશે તેવી ચીમકી પાંચ ગામના લોકોએ કરેલ છે વધુમાં ગઢડા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહીર દ્વારા જણાવવામાં આવેલ છે.



# મોરબીમાં રહેણાંકમાં જુગાર રમતી ચાર મહિલા સહિત ૬ શકુનીઓ ૨૨,૧૦૦ની રોકડ સાથે પકડાયા

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આનંદનગર શેરી નંબર ૧ માં આવેલ ઈન્દ્રસિંહ નવલસિંહ જાડેજા પોતાના રહેણાંકમાં બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડીને જુગરનો અખાડો ચલાવતા હોવાની પૂર્વ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે ઉપરોક્ત મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાં ઘરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા ઈન્દ્રસિંહ નવલસિંહ જાડેજા ઉવ.૫૦ રહે.આનંદનગર શેરી નં.૧, રાજેશભાઇ સુખરામભાઈ સોનારથી ઉવ.૩૮ રહે. સામાકાંઠે હાઉસિંગ બોર્ડમાં ભાડેથી મૂળ મધ્યપ્રદેશ રાજ્યના કોટડી ગામે, સંગીતાબેન કરશનભાઇ નાનાલાલ કાથરાણી ઉવ.૪૫ રહે. માળીયા(મી) તાલુકાના વાઘરવા ગામ, રીનાબેન કેયુરભાઈ વિનોદભાઈ મકવાણા ઉવ.૩૩ રહે. મોરબી-૨ સિવાલીક એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૨૦૨, સમાબેન સફીભાઈ તાર મહોમદભાઈ જીદાણી ઉવ.૩૮ રહે. વાવડી રોડ કેજીએન પાર્ક મોરબી તથા જોસનાબેન હિમંતભાઈ નરશીભાઈ ચુડાસમા ઉવ.૪૫ રહે.મોરબી-૨ આનંદનગર શેરી નં.૧ વાળાને રોકડા રૂ.૨૨,૧૦૦/-સાથે રંગેહાથ ઝડપી લઈ તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના રાણેકપર ગામે ખેત શ્રમિકને જાતિ પ્રત્યે અપમાન કરી માર માર્યો

## વાડીએથી જવાની ના પાડતાં લાફા મારી પથ્થરમારો કર્યો, હળવદ પોલીસે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના રાણેકપર ગામે પારકી પંચાત કરી ખેત શ્રમિકને વાડીએથી જતા રહેવાનું કહેતા, જે બાબતે ખેત શ્રમિકે વાડીએથી જવાની ના પાડતાં આરોપીએ લાફા મારી પથ્થરમારો કરી જાતિ પ્રત્યે અપમાનિત કર્યો હતો. બનાવ અંગે હળવદ પોલીસે આરોપી સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ નર્મદા જીલ્લાના તિલકવાડા તાલુકાના અગર ગામના ટેકરા ફળીયા ખાતેના રહેવાસી અને હાલ રાણેકપર ગામની સીમમાં સુખદેવભાઈ લાલજીભાઈ પટેલની વાડીએ છેલ્લા લગભગ ૨૦ વર્ષથી મજૂરી કરતા મુકેશભાઈ કાંતીભાઈ ભીલ ઉવ.૪૪ એ ફરિયાદ નોંધાવી કે,આશરે ત્રણ મહિના પહેલા રાણેકપર ગામના આરોપી કરશનભાઈ લાલજીભાઈ પટેલે તેમને તેના ભાઈ સુખદેવભાઈની વાડીએથી જતા રહેવાનું કહ્યું હતું, પરંતુ તેમણે વાડીએથી જવાનો ઈનકાર કર્યો હતો.

ત્યારબાદ તા.૧૩/૦૩ના રોજ સાંજે આરોપી કરશનભાઈ પટેલ ફરી વાડીએ આવી ફરિયાદીને બે લાફા માર્યા હતા. પછી તા.૧૪/૦૩ના રોજ આરોપીએ ફોન કરી ફરીથી ધમકી આપી હતી કે, વાડીએથી નહિ જાઓ તો ગાડી ચડાવીને મારી નાખીશ. ત્યારબાદ બપોરે ફરી આરોપી કરશનભાઇ વાડીએ આવી હરેશભાઈને ગાળો આપી, પથ્થરમારો કર્યો હતો, જેમાં ફરિયાદીને પીઠના ભાગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે હળવદ પોલીસે આરોપી કરશનભાઈ પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, જી.પી. એક્ટ તેમજ એટ્રોસિટી અધિનિયમ કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના માર્કેટિંગ યાર્ડ સામેથી વિદેશી દારૂની બે બોટલ સાથે યુવક પકડાયો

મોરબીના શનાળા રોડ ઉપર માર્કેટિંગ યાર્ડની સામે રોડ ઉપર આરોપી સિદ્ધરાજસિંહ જયદીપસિંહ જાડેજા ઉવ.૨૨ રહે. નિતીનનગર શનાળા રોડ મોરબી વાળાને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા શંકાસ્પદ હાલતમાં ઉપરોક્ત સ્થળે રોકી તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ૮ પીએમ વ્હિસ્કીની ૨ નંગ બોટલ કિ.રૂ.૨,૨૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે આરોપી સિદ્ધરાજસિંહની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# આગામી શુક્રવારે દિવસ અને રાત સરખા

**તા. ૨૧મીથી દિવસ ક્રમશઃ લંબાતો જાય છે ; તા. ૨૧મી જુને લાંબામાં લાંબો દિવસ ; વિષુવવૃત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે : જાથા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦ મી માર્ચ શુક્રવારે દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧ મી શનિવારથી દિવસ લંબાતો જાય છે અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. ખગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૦ મી માર્ચ શુક્રવારે મુંબઈમાં દિવસ અને રાત ૧૨ કલાક-૧૨ કલાકના, અપર અને સુક્ષ્મ ગણિત આધારે સુર્યોદય રાજકોટ ૬.૫૩, અમદાવાદ ૬.૪૭, મુંબઈ ૬.૪૫, સુરત ૬.૪૬, ભુજ ૬.૫૮, વડોદરા ૬.૪૪, ભાવનગર ૬.૫૫, જુનાગઢ ૬.૫૪, જામનગર ૬.૫૪ જયારે સૂર્યાસ્ત રાજકોટ ૧૮.૫૩, અમદાવાદ ૧૮.૪૭, સુરત અને મુંબઈ ૧૮.૪૬, ભુજ ૧૮.૫૮, વડોદરા ૧૮.૪૪, ભાવનગર ૧૮.૫૫, જુનાગઢ ૧૮.૪૫, જામનગર ૧૮.૫૫, સરેરાશ દિવસ ૧૨ કલાક અને ૭ સેકન્ડ જયારે રાત્રી ૧૧ કલાક, ૫૯ મિનિટ અને ૫૩ સેકન્ડ. તા. ૨૧ મી માર્ચ પછી ઉત્તરોતર દિવસ લાંબો થતો જશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે.

વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે ૨૧ મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે તા. ૨૧ મી સપ્ટેમ્બરના દિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૧ મી માર્ચે સૂર્યની આકાશી વિષુ-વવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે વસંત સંપાત દિવસ પછી ગરમી શરૂ થાય છે કારણ કે પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખૂણે નમેલી હોય છે. હવે પૃથ્વીનું ઉત્તર તરફનું માથું સૂર્ય તરફ તેટલા ખૂણે નમેલું જોવા મળશે. આપણે ઉત્તર ગોળાર્ધમાં વસવાટ કરતા હોવાથી સૂર્યના સીધા કિરણો આપણા વિસ્તારમાં આવતા હોવાને કારણે ગરમીનું પ્રમાણ વધે છે. જયારે ૨૧ મી જુન પછી સૂર્ય પુનઃદક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણયાન કહે છે.

દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા, સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે. જે સતત બદલાતા રહે છે. આથી દિવસ-રાતની લંબાઈમાં સાત થી દસ મિનિટનો તફાવત સ્વાભાવિક માન્ય ગણાય છે.

અંતમાં શુક્રવાર તા. ૨૦ મી એ દિવસ-રાત સરખા ખગોળીય ઘટના માણવા જાથાએ અપીલ કરી છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# જીવનમાં સાચી ખુશીનો સ્ત્રોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

**નીલમ.પી.મોહિનાણી**

આજના સમયમાં દરેક વ્યક્તિ ખુશી શોધી રહ્યો છે. દરેકને ઈચ્છા છે કે તેનું જીવન આનંદ, શાંતિ અને સંતોષથી ભરેલું હોય. પરંતુ પ્રશ્ન એ છે કે સાચી ખુશી ક્યાં છે? શું ખુશી માત્ર પૈસા, મોટું ઘર, ગાડી અથવા સફળતામાં મળે છે? ઘણા લોકો આખું જીવન આ વસ્તુઓ મેળવવ-ામાં પસાર કરી દે છે, છતાં તેમના મનમાં સંતોષ અને શાંતિનો અભાવ રહે છે.

હકીકતમાં ખુશી કોઈ બહારની વસ્તુ નથી, પરંતુ તે આપણા મનની સ્થિતિ છે. જ્યારે મનમાં સંતોષ, પ્રેમ અને સકારાત્મક વિચાર હોય ત્યારે જીવનમાં સાચી ખુશીનો અનુભવ થાય છે.

જીવનમાં ઘણી નાની-નાની પળો એવી હોય છે જે આપણને સાચી ખુશી આપે છે. પરિવાર સાથે વિતાવેલો સમય, મિત્રો સાથે હસીને કરેલી વાતો, કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરવી અથવા કોઈના ચહેરા પર સ્મિત લાવવું - આ બધું આપણા જીવનને ખુશીઓથી ભરપૂર બનાવી શકે છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ જોવામાં આવે તો ખુશીનો સૌથી મોટો સ્ત્રોત સારા કર્મ છે. જ્યારે માણસ સારા વિચારો રાખે છે અને સારા કર્મ કરે છે, ત્યારે તેને આંતરિક આનંદ અને શાંતિ મળે છે. કોઈને દુઃખ આપવાથી કે ખોટા રસ્તે ચાલવાથી થોડીવાર માટે ફાયદો મળી શકે છે, પરંતુ સાચી ખુશી ક્યારેય મળતી નથી.

કર્મનો સિદ્ધાંત કહે છે કે જેવું આપણે કરીએ છીએ, તેમનું ફળ પણ એક દિવસ આપણને મળે છે. તેથી જો આપણે જીવનમાં પ્રેમ, દયા અને સદભાવના રાખીએ, તો જીવનમાં ખુશીઓ આપોઆપ વધે છે.

આજના સમયમાં લોકો ઘણીવાર તુલના અને ઈર્ષ્યામાં પોતાનું સુખ ગુમાવી દે છે. બીજા લોકો પાસે શું છે તે જોવાને બદલે, આપણને શું મળ્યું છે તેના માટે આભારી બનવું જોઈએ. કૃતજ્ઞતા રાખનાર વ્યક્તિ હંમેશા ખુશ રહે છે, કારણ કે તે જીવનની દરેક પળમાં આનંદ શોધી લે છે.

આથી કહી શકાય કે સાચી ખુશી કોઈ વસ્તુ કે સંપત્તિમાં નથી, પરંતુ સંતોષ, સકારાત્મક વિચાર, સારા કર્મ અને પ્રેમભર્યા સંબંધોમાં વસે છે. જો આપણે જીવનને સકારાત્મક દ્રષ્ટિએ જીવીએ, બીજાની મદદ કરીએ અને દરેક પળ માટે આભાર માનીએ, તો આપણું જીવન ખરેખર ખુશીઓથી ભરાઈ જશે.

અંતે હું એટલું જ કહીશ કે ખુશી શોધવાની વસ્તુ નથી, ખુશી તો આપણા અંદર જ છે - બસ તેને સમજવાની અને અનુભવાની જરૂર છે.

# માળીયા(મી)ના જાજાસર ગામે ભાડાપટ્ટાની જમીન પર ગેરકાયદે કબજો, લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

**મીઠા ઉત્પાદન માટે ફાળવેલી જમીનમાં પાળો કરી દબાણ કરનાર સામે ફરિયાદ નોંધાઈ**

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના જાજાસર ગામે મીઠા ઉત્પાદન માટે સરકાર દ્વારા ભાડાપટ્ટે ફાળવેલી જમીનમાંથી અમુક ભાગ ઉપર ગેરકાયદેસર કબજો કરી મીઠાનું ઉત્પાદન કરનાર સામે ફરિયાદ નોંધાવતા, માળીયા(મી) પોલીસે આરોપી વિરુદ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) પોલીસ સ્ટેશન નજીક રહેતા અને મીઠાના વેપારી હનીફભાઈ સૌકતઅલી અબ્દુલ્લા ભટ્ટી ઉવ.૩૪ની ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૨માં મોરબી કલેક્ટર કચેરી દ્વારા માળીયા(મી) તાલુકાના જાજાસર ગામે સર્વે નં. નીલ ખાતે મીઠા ઉત્પાદન માટે ૩૦ વર્ષના ભાડાપટ્ટે ૧૦ એકર જમીન ફાળવવ-ામાં આવી હતી. ફરિયાદી સરકારના નિયમો મુજબ આ જમીન ઉપર મીઠાનું ઉત્પાદન કરતા હતા. આ દરમિયાન નજીકમાં આવેલી વેસ્ટ કોસ્ટ સોલ્ટ કંપનીના સંચાલક આરોપી ઈકબાલ ઈલિયાસભાઈ ભટ્ટી દ્વારા ફરિયાદીની જમીનમાંથી આશરે ૦-૪૦-૨૭ ચો.મી જેટલી જમીન ઉપર ગેરકાયદેસર રીતે પાળો બાંધી કબજો કરી મીઠાનું ઉત્પાદન શરૂ કર્યુ હતું. આ મામલે ફરિયાદીએ અગાઉ કલેક્ટર કચેરીમાં અરજી પણ કરી હતી.

ત્યારબાદ ડી.આઈ.એલ.આર. કચેરી દ્વારા માપણી કરતા આરોપીએ જમીન પર દબાણ કર્યાનું સામે આવ્યું હતું. કલેક્ટર કચેરીમાં થયેલી સુનાવણી બાદ આરોપીને જમીન ખાલી કરવા સૂચના આપવામાં આવી હોવા છતાં કબજો ખાલી ન કરતાં અંતે એફઆઈઆર નોંધવાનો હુકમ આપવામાં આવ્યો હતો. હાલ માળીયા(મી) પોલીસે આરોપી ઈકબાલ ઈલિયાસભાઈ ભટ્ટી રહે. મોરો વાંઢ વિસ્તાર માળીયા(મી) વાળા સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોની બજારમાં કૌટુંબિક ભાભીનો નણંદ પર હુમલો

**જૂની અદાવત રાખી ત્યકતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સોની બજાર વિસ્તારમાં જૂની અદાવતનો ખાર રાખીને કૌટુંબિક ભાભીએ નણંદ સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો. ભાભીએ માથાના ભાગે હથિયારના ઘા ઝીં કતા ત્યકતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગેની વિગતો મુજબ, સોની બજારમાં બોઘાણી શેરીમાં રહેતા કારમીરાબેન સલીમભાઈ જીવાણીએ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પતિ સાથે છૂટાછેડા થઈ જતાં તેણી ૬ મહિનાથી દીકરા સાથે માવતરના ઘરે રહે છે. બે મહિના પહેલા ઘરની સામે જ રહેતા તેમના કૌટુંબીક ભાભી મુસ્કાન સમીરભાઈ જીવાણી સાથે માથાકૂટ થઈ હતી.આ વાતનો ખાર રાખીને ગત તારીખ ૧૩/૦૩/૨૦૨૬ના સાંજના કારમીરા ઘરે હતી ત્યારે મુસ્કાને અચાનક ગાળાગાળી શરૂ કરી હતી. કારમીરાબેને ગાળો બોલવાની ના પાડતા મુસ્કાનબેન એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ''તને આજે તો મારી જ નાખવી છે'' તેમ કહી ઘરમાંથી કોઈ હથિયાર જેવી વસ્તુ લાવી કારમીરાબેનના માથામાં ડાબી આંખના નેણ પાસે ઝીંકી દીધી હતી. કાશ્મીરાને વધુ મારથી પરિવારના સભ્યો વચ્ચે પડતાં મુસ્કાર્ને તેઓને પણ મારવાની ધમકી આપી હતી. જે બાદ યુવતીને લોહીલુહાણ હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉના મુસ્લિમ સમાજના મિત્રોની નવી પહેલ : સમાજ માટે એમ્બ્યુલન્સ ખરીદવા માટે આર્થિક મદદની અપીલ

**સમાજના મોભીઓ આગળ આવે અને એમ્બ્યુલન્સ માટે મદદ કરે તેવી જાહેર અપીલ**

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




ઉના મુસ્લિમ સમાજના અમુક યુવાનો દ્વારા એક એમ્બ્યુલન્સ માટે આર્થિક મદદની જરૂર માટે સોશિયલ મીડિયામાં મેસેજ આપ્યો છે ખૂબ સારો મેસેજ આપતા કહ્યું છે બીમારી કોઈને કહીને નથી આવતી તે માટે ગરીબ અને મધ્યમ પરિવારો જેને ડોક્ટર સાહેબે બહાર જવાનું કહ્યું હોય તે માટે ખાસ એમ્બ્યુલન્સ ની જરૂર પડતી હોય અને ગરીબ અને મધ્યમ લોકો પાસે પૂરતા ભાડાના પણ પૈસા ન હોય જેને લીધે તેની સારવાર ક્યાંક ને ક્યાંક અટકતી હોય ત્યારે આજે મુસ્લિમ સમાજના અમુક યુવાનો દ્વારા એમ્બ્યુલન્સ ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે ખૂબ સારી બાબત છે કારણ કે જે ઉપયોગી છે તે માટે સમાજના આર્થિક રીતે સદર લોકોને પણ એક અપીલ કરવામાં આવી છે કે આ એમ્બ્યુલન્સ ખરીદવા માટે તમે આગળ આવો અને તમાર-ાથી જે થાય તે મદદ કરો જેથી આ એમ્બ્યુલન્સ ખરીદાય અને ગરીબ અને મધ્યમ લોકોને ફાયદો થાય પોતાને પોસાય તેવા ભાડામાં જાય અને તો ક્યાંક ને ક્યાંક ડીઝલમાં પણ જાય જેથી મુસ્લિમ સમાજના લોકોને ફાયદો થાય તેવી જાહેર અપીલ કરવામાં આવી છે

# રવીરાજ ચોકડી નજીક રીક્ષામાંથી ૨૦૦ લીટર દેશી દારૂ સાથે મહિલા સહિત બે પકડાયા

**દારૂ ભરાવી આપનાર તથા કચ્છમાં ભરી આપનાર સહિત ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમીને આધારે મોરબી તાલુકા વિસ્તારમાં રવીરાજ ચોકડી નજીક વોચમાં હોય ત્યારે લોડિંગ સીએનજી રીક્ષા ત્યાંથી પસાર થતા તેને રોકી તેમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. આ સાથે રીક્ષા ચાલક તથા બુટલેગર મહિલાની અટક કરવામાં આવી હતી. જ્યારે દેશી દારૂ તેના ઓળખીતા પાસેથી ભરાવી આપનાર તેમજ કચ્છના શિકારપુર ખાતેથી દેશી દારૂ ભરી આપનાર સહિત બે આરોપીના નામ ખુલતા પોલીસે બે મહિલા સહિત ચાર આરોપીઓ સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી પકડવા પર બાકી આરોપીઓને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસને બાતમી મળી કે, માળીયા(મી) તરફથી લોડિંગ રીક્ષામાં દેશી દારૂનો જથ્થો મોરબી તરફ આવવાનો છે, જેથી ક્રાઈમ બ્રાંચ ટીમ રવીરાજ ચોકડી નજીક વોચમાં હોય તે દરમિયાન, એક લોડિંગ બજાજ મેક્સિમો સીએનજી રીક્ષા રજી.નં. જીહે-૩૬-યુ-૪૩૫૦ ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૪૦ હજાર મળી આવ્યો હતો. જેથી રીક્ષા ચાલક આરોપી સલીમભાઈ કાદરભાઈ સેખ ઉવ.૪૫ રહે.કુલી નગર ૧ વીસીપરા મોરબી તથા બુટલેગર મહિલા આરોપી રજીયાબેન અસગરભાઈ સેડાત ઉવ.૨૮ રહે. કુલીનગર-૨ વીસીપરા મોરબી વાળાની સ્થળ ઉઓરથી અટકાયત કરવામાં આવી હતી.

પકડાયેલ બન્ને આરોપીઓની પૂછપરછમાં આ દેશી દારૂ આરોપી હનીફાબેન હુશેનભાઈ સેડાત રહે. વીસીપરા વાળીએ કચ્છના શિકારપુર ગામે તેના ઓળખીતા પાસેથી દેશી દારૂ ભરાવી આપ્યો હતો. જ્યારે દેશી દારૂ અજાણ્યા શખ્સે ભરી આપ્યાની કબુલાત આપી હતી. હાલ એલસીબી પોલીસે દેશી દારૂ તથા રીક્ષા સહિત રૂ. ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સાથે મોરબી તાલુકા પોલીસ મથકમાં બે મહિલા સહિત ચાર સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તજવીજ શરૂ કરી છે.

# વહીવટી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લામાં ઘરેલુ ગેસ સિલિન્ડરના વપરાશ બાબતે વિવિધ સ્થળોએ દરોડા

**લોધીકા-કોટડા સાંગાણી-ગોંડલ ગ્રામ્યમાં કુલ રૂ. ૨,૦૭,૧૩૮ કિંમતના ગેસ સિલિન્ડર સીઝ કરાયા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્ય પૂર્વ એશિયાઈ વિસ્તારમાં યુદ્ધની પ્રવર્તમાન પરિસ્થિતમાં લોકોને યોગ્ય માત્રામાં ઘરેલુ ગેસ પુરવઠો મળી રહે તે માટે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ તેમજ જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડાના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાના તમામ મામલતદારઓ દ્વારા જુદી જુદી ટીમો બનાવી ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે લોધીકા-કોટડા સાંગાણી-ગોંડલ વગેરેમાં કુલ રૂ. ૨,૦૭,૧૩૮ કિંમતના ગેસ સિલિન્ડર સીઝ કરાયા છે.

વિવિધ ટીમો દ્વારા સમગ્ર જિલ્લામાં વિવિધ હોટલ, રેસ્ટોરન્ટ, ટી-સ્ટોલ, ફરસાણ સ્ટોર, નાસ્તા હાઉસ તથા ફાસ્ટ ફૂડ સ્ટોર ખાતે ઘરેલુ ગેસ સિલિન્ડરના વપરાશ બાબતે વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

જેમાં ગોંડલ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ બિલિયાળા ગામેથી મામલતદારશ્રી ગોંડલ (ગ્રામ્ય) દ્વારા ૧૫ નંગ ભરેલા તથા ૧૦ નંગ ખાલી મળી કુલ ૨૫ ઘરેલુ ગેસ સિલિન્ડર, કુલ રૂ. ૪૫,૪૧૦/- ના જથ્થા સાથે સિઝ કરી ગેસ એજન્સીને સોંપવામાં આવ્યા છે. ઉપરાંત, જુદી-જુદી હોટલ અને રેસ્ટોરન્ટમાંથી વધુ ૫ નંગ ઘરેલુ ગેસ સિલિન્ડર, કુલ રૂ.૧૧,૦૩૮/- ના જથ્થા સાથે સીઝ કરી ગેસ એજન્સીને સોંપવામાં આવ્યા છે.

વધુમાં, ગોંડલ શહેર વિસ્તારમાં મામલતદા, ગોંડલ શહેર દ્વારા ગેરકાયદેસર રીતે ઘરમાં સંગ્રહ કરેલા રિલાયન્સ કંપનીના ૩૮ નંગ ખાલી ગેસ સિલિન્ડર, કુલ રૂ. ૬૩,૪૦૦/- ના જથ્થા સાથે સિઝ કરી ગેસ એજન્સીને સોંપવામાં આવ્યા છે.

લોધીકા તાલુકાના મેટોડા વિસ્તારમાં આવેલ પરિશ્રમ રેસ્ટોરન્ટની તપાસણી દરમ્યાન મામલતદાર, લોધીકા દ્વારા ગૃહ વપરાશના ૧૦ નંગ ગેસ સિલિન્ડર ગેરરીતે વપરાશમાં હોવાનું જણાઈ આવતા તે સિઝ કરી ગેસ એજન્સીને સોંપવામાં આવ્યા છે, જેની કુલ કિંમત રૂ. ૨૪,૫૭૪/- થાય છે.

મામલતદાર, કોટડા સાંગાણી દ્વારા કોટડા સાંગાણી તાલુકાના પડવલા ગામે જયદીપભાઈ વિનોદભાઈ આંબલીયા પાસેથી ૧ નંગ ભરેલો ઘરેલુ ગેસ સિલિન્ડર અનધિકૃત રીતે મળી આવતા તે સિઝ કરી એન્જલ ગેસ એજન્સી, શાપર (વેરાવળ) ને સોંપવામાં આવ્યો છે, જેની કુલ કિંમત રૂ. ૩,૦૫૮/- થાય છે.

ઉપરાંત, મામલતદાર, કોટડા સાંગાણી દ્વારા કોટડા સાંગાણી તાલુકાના રામોદ ગામે મહાવીર પાવભાજી નજીક આવેલ એક ઘરમાંથી ગેરરીતે સંગ્રહ કરેલા ૩૧ નંગ ખાલી ઘરેલુ ગેસ સિલિન્ડર મળી આવતા તે સિઝ કરી ગેસ એજન્સીને સોંપવામાં આવ્યા છે, જેની કુલ કિંમત રૂ. ૫૯,૬૫૮/- થાય છે.

આ ઉપરાંત સમગ્ર જિલ્લામાં કુલ ૧૮ ગેસ એજન્સીઓની તપાસણી હાથ ધરવામાં આવી છે. તેમજ જિલ્લાની તમામ ગેસ એજન્સીઓ અને ગોડાઉનમાં નાયબ મામલતદારની દેખરેખ હેઠળ દરેક એજન્સી તથા ગોડાઉન દીઠ ૧ મહેસુલી કર્મચારી સાથે ૧ પોલીસ જવાનને સુચારુ સંચાલન અર્થે મુકવામાં આવ્યા છે.

# મોરબીના કંડલા બાયપાસ પર આવેલા ફર્નિચરના શો રૂમ પર ૬ શખ્સોનો આતંક, રિવોલ્વર બતાવી ડીવીઆર લૂંટ્યું

**ટ્રક ખસેડવા બાબતના વિવાદ બાદ શોરૂમમાં ઘૂસી મારામારી, અપહરણ અને જાનથી મારી નાખવાની ધમકી, કાયદો વ્યવસ્થાને લઈને પોલીસ તંત્ર સામે અનેક સવાલ**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના કંડલા બાયપાસ રોડ પર આવેલ સ્ટીલ ફર્નિચરના શો રૂમ પાસે ટ્રક ખસેડવાની બાબતે લિસ્ટેડ આરોપી સહિત ૬ શખ્સોએ ધોળા દિવસે આતંક મચાવ્યો હતો. આરોપીઓએ રિવોલ્વર બતાવી વેપારી અને તેના ભાઈને ધમકાવી સીસીટીવીનું ડીવીઆર લૂંટી લીધું હતું. બનાવને લઈને શહેરમાં કાયદો વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉભા કર્યા છે.

મોરબી શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિને લઈને ચિંતાજનક બનાવ સામે આવ્યો છે. કંડલા બાયપાસ રોડ પર દેશી ડાયરા હોટલ પાસે આવેલ ઉમા સ્ટીલ ફર્નિચરના શો રૂમ આગળ ટ્રક ખસેડવાની નાની બાબતે લિસ્ટેડ આરોપી સહિત ૬ જેટલા શખ્સોએ ધોળા દિવસે આતંક મચાવ્યો હતો. આ બનાવ બાદ શહેરમાં પોલીસની કામગીરી અને ગુનેગારો પર નિયંત્રણ અંગે અનેક સવાલો ઊભા થયા છે. બનાવની પ્રાપ્ત માહિતી મુજબ શો રૂમના માલિક ઉમેશભાઈ ત્રિભોવનભાઈ મેરજા ઉવ.૩૬ રહે. બ્લોક નં. ૬૦૧, સાતનામ હાઈટ્સ કંડલા બાયપાસ મોરબી વાળાએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રણજીતભાઇ જેસીંગભાઇ ચાવડા રહે.મીરાપાર્ક સોસાયટી શેરી નં-૦૨ વાવડી રોડ મોરબી, દીનેશભાઇ ગગુભાઇ મકવાણા રહે. ધર્મસૃષ્ટિ સોસાયટી ભક્તિનગર ઓવર બ્રીજ પાસે મોરબી તથા અજાણ્યા ચાર ઈસમો સહિત ૬ જેટલા આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત તા. ૧૨/૦૩ના રોજ બપોરે અંદાજે દોઢ વાગ્યે આરોપી રણજીતભાઈ જેસીંગભાઈ ચાવડા શો રૂમ પાસે ઉભેલા ટ્રકને દૂર ખસેડવા બાબતે ફરિયાદીના ભાઈ ચિરાગ સાથે બોલાચાલી કરી મારામારી કરી હતી. ત્યારબાદ તેણે પોતાના સાથીદારોને બોલાવતાં આરોપી દિનેશભાઈ ગગુભાઈ મકવાણા ફોર્ચ્યુનર કારમાં ધોકા અને પાઈપ લઈને અન્ય અજાણ્યા ચાર શખ્સો સાથે ત્યાં પહોંચી ગયા હતા. આરોપીઓએ શો રૂમમાં ઘૂસી તોડફોડ કરી હતી. આરોપી રણજીતભાઈએ શો રૂમમાં લગાવેલું સીસીટીવીનું ડીવીઆર તોડી બળજબરીપૂર્વક લઈ જતાં લૂંટ ચલાવી હતી. આ દરમિયાન આરોપીએ પોતાની પાસે રહેલી ગ્રે કલરની પિસ્તોલ જેવુ હથિયાર બતાવી વેપારી અને તેના ભાઈનું અપહરણ કરવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ આ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ, જી.પી. એક્ટ તથા આર્મ્સ એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી જીલ્લામાં અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લામાં વાંકાનેર, મોરબી તાલુકા અને હળવદ વિસ્તારમાં ત્રણ અલગ અલગ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં નવા ધમલપર ગામે યુવાને ઝેરી દવા પી લેતા મોત થયું, જ્યારે રંગપર પાસે વીજ શોર્ટ લાગતા ૭ વર્ષના બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું તેમજ હળવદ નજીક ખેત શ્રમિક મહિલાનું કોઈ બીમાર સબબ સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી છે.

અપમૃત્યુના પ્રથમ બનાવ વાંકાનેર તાલુકાના નવા ધમલપર ગામે બન્યો હતો. જ્યાં ધરમશીભાઈ ભરતભાઈ અબાસાણીયા ઉવ.૩૨એ કોઈ કારણસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત થયું હતું. આ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી છે.

જ્યારે બીજો અપમૃત્યુનો બનાવ મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં બન્યો હતો. જ્યાં લવજી ઉર્ફે રવજી સવજીભાઈ વાજેલીયા ઉવ.૦૭ રહે.રંગપર ગામની સીમ સોમનાથ પેટ્રોલપંપ સામેના રસ્તે ઝુંપડામાં તા.જી.મોરબી વાળાને ગત ૦૧ માર્ચના રોજ ઈલેક્ટ્રિક પોલ પાસે વીજ શોર્ટ લાગતા ગંભીર ઈજા પહોંચી હતી. તેને સારવાર માટે રાજકોટની જનાના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તા. ૧૫ માર્ચે તેનું મોત થયું હતું. આ મામલે મોરબી તાલુકા પોલીસે અપમૃત્યુની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત અપમૃત્યુના ત્રીજા બનાવમાં હળવદ તાલુકાના માલણીયાદ ગામની સીમમાં બન્યો હતો. જ્યાં સુમલીબેન મહેન્દ્રભાઈ નાયકા ઉવ.૨૫ રહે.માલણીયાદ ગામની સીમમાં ભાવેશભાઇ નટવરભાઇ પરમારની વાડીએ તા.હળવદ મુળ રહે-ઉસેલા તા.કવાંટ જી છોટાઉદયપુર વાળા કોઈ બિમારીને કારણે સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે હળવદ પોલીસે અપમૃત્યુ રજીસ્ટર કરી વધુ તપાસ ચલાવી છે.

# ગુજરાતમાં ૧૮ થી ૨૦ માર્ચ સુધી માવઠાની આગાહી : પવનની દિશા બદલાતા ગરમીમાં રાહત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં માર્ચના પ્રારંભમાં આકરી ગરમીનો પ્રકોપ શરૂ થયા બાદ વાતાવરણમાં પલટો આવતા ગરમીમાં રાહત મળી છે. તો બીજી તરફ ૧૮મી માર્ચથી ૨૦ માર્ચ સુધી માવઠાની આગાહી કરાતા ધરતીપુત્રોની ચિંતામાં વધારો થયો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં હાલ તાપમાનનો પારો ગગડીને ૪૦ ડિગ્રીને નીચે આવી જતા હાલ કોઈ શહેરમાં હીટવેવની શક્યતા નથી.

રાજ્યમાં સર્જાયેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. જેથી છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. જો કે હજુ પણ સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ અમદાવાદમાં તાપમાન ૩૭ ડિગ્રીએ તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. તેમજ આગામી ૭ દિવસ સુધી હિટવેવની કોઈપણ પ્રકારની શક્યતા નથી.




માર્ચ મહિનામાં જ પ્રિ મોન્સુન એક્ટિવિટી શરૂ થઈ જતા ૧૮, ૧૯ અને ૨૦ માર્ચ દરમિયાન અલગ અલગ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ૧૮ માર્ચના કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર, બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૯ માર્ચના રાજકોટ, ભાવનગર, અમરેલી, ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, તાપીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૦ માર્ચના ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટમાં ૩૯.૨ ડિગ્રી, અમદાવાદમાં ૩૮.૪ ડિગ્રી, ભુજમાં ૩૮ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૭.૯ ડિગ્રી, ડીસામાં ૩૭ ડિગ્રી, સુરતમાં ૩૭ ડિગ્રી, વડોદરામાં ૩૬.૫ ડિગ્રી, ભાવનગરમાં ૩૫.૩ ડિગ્રી, ડાંગમાં ૩૫.૨ ડિગ્રી, કંડલામાં ૩૪.૮ ડિગ્રી, પોરબંદરમાં ૩૨.૯ ડિગ્રી, દીવમાં ૩૨ ડિગ્રી, ઓખામાં ૩૧.૨ ડિગ્રી, વેરાવળમાં ૩૧.૨ ડિગ્રી, દ્વારકામાં ૨૯.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૭ દિવસ સુધી હિટવેવની પણ કોઈપણ પ્રકારની શક્યતા જોવા મળી રહી નથી. પરંતુ આગામી ૧૮, ૧૯ અને ૨૦ માર્ચના કેટલાક જિલ્લાઓમાં માધ્યમથી કમોસમી વરસાદ થઈ શકે છે. ૪૦થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. અત્યારે પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યો છે. જેથી અમદાવાદમાં તાપમાન ૩૭ ડિગ્રી પહોંચી જશે. તેમજ અન્ય શહેરમાં પણ તાપમાનમાં બેથી ત્રણ ડીગ્રીનો ઘટાડો નોંધાશે.

# ડ્રીમ સીટી પાસે જુની અદાવતનો ખાર રાખી યુવાન પર ખુની હુમલો : સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો

**યુવાન તેના ભત્રીજા અને મિત્ર સાથે હુવહીલરમાં બેસી જમવા જતો તો ત્યારે રસ્તામાં આંતરી લાકડી કુહાડી ધારીયાના ઘા ઝીંકાયા: રૈયા રોડ દ્વારકેશ પાર્ક મેઈન રોડ પર સ્વિફ્ટ કાર અને બાઈકમાં આવેલા ૪ થી ૫ શખ્સોનો ખૂની ખેલ: ઈજાગ્રસ્તનું સારવારમાં મોત**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા વિસ્તારમાં મણિનગરમાં રહેતા અને સોપાન હાઈટ્સ પાસે કામ કરતા ભાવેશભાઈ ડાયાભાઈ વાણવી (ઉ.વ. ૩૨) નામના યુવાનની જૂની અદાવતનો ખાર રાખી નિર્મમ હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આરએમસીમાં ચીચોડો રાખવા બાબતે કરેલી અરજીનો ખાર રાખી હમીર મેરા જોગરાણા સહિતના શખ્સોએ આતંક મચાવી, યુવાનનું અપહરણ કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રાહુલ કાનજીભાઈ પરમાર (ઉ.વ ૨૫ ધંધો નર્સિંગ સ્ટાફ રહે ઉમિયા ચોક સાંઈ દર્શન એપાર્ટમેન્ટની બાજુમાં માધવ પાર્ક મહુડી પ્લોટ નિખિલભાઈ કુંભારના મકાનમાં રાજકોટ મૂળ ગામ - માંગરોળ આંબેડકરનગર એસટી બસ સ્ટેન્ડની સામે જીલ્લો-જુનાગઢ)ની ફરિયાદ પરથી હમીર મેરાભાઈ જોગરાણા અને ૪ થી ૫ અજાણ્યા શખ્સો સામે હુમલો, હત્યાની કોશીષ અને અપહરણનો ગુનો દાખલ હતો. દરમિયાન હુમલામાં ઘાયલ ભાવેશભાઈ વણવીનું મોત થતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે.

ફરિયાદી રાહુલ કાનજીભાઈ પરમારે ફરિયાદમાં જણાવ્યું છે કે હું અને મારા મામાનો દિકરો સંજયભાઈ રમેશભાઈ ગોહેલ ભાડેથી રૂમ રાખીને રહીએ છીએ અને હું સેવ લાઈફ હોમ એન્ડ હેલ્થ કેર નામે નર્સિંગ સ્ટાફનું કામકાજ કરું છું. મારા માતા-પિતા તથા મારા મોટાભાઈ અનિલભાઈ અમારા વતનમાં રહે છે.

રવિવારે તારીખ ૧૫-૦૩ના રોજ હું મારા મિત્ર ભાવેશભાઈ ડાયાભાઈ વાણવી પાસે સોપાન હાઈટસ નજીક તે હોઈ ત્યાં ગયેલ હતો. ત્યાં તેની સાથે તેનો ભત્રીજો પ્રિન્સ સુનિલભાઈ વાણવી પણ હાજર હતો. ત્યારે ભાવેશભાઈએ મને તેના ઘરે જમવાનું કહેલ જેથી મારા બાઈકમાં ભાવેશભાઈને મારી પાછળ બેસાડેલ અને પ્રિન્સ તેનુ મોટરસાયકલ લઈને આવતો હતો. અમે ભાવેશભાઈનું રૈયામાં મણીનગરમાં મકાન હોઇ ત્યાં જતા હતા ત્યારે રાત્રિના આશરે પોણા દશેક વાગ્યાના અરસામાં દ્વારકેશ પાર્ક મેઇન રોડ ડ્રીમ સિટીની સામે પહોંચતા ચારથી પાંચ અજાણ્યા માણસો સ્વીફટ તથા બાઇક લઈને અચાનક અમારી પાછળ આવેલ અને લાકડી, ધારિયા, કુહાડી વતી અચાનક ભાવેશભાઈને મારવા લાગેલ. જેથી પ્રિન્સ ત્યાં ઉભો રહેતો આ લોકો તેને પણ માર મારવા લાગેલ હતા જેથી મને બીક લાગતા હું થોડો સાઈડમાં જતો રહેલ ત્યારે આ લોકો ભાવેશભાઈ તથા પ્રિન્સને માર મારતા હતા. બાદમાં આ લોકો ભાવેશભાઈને સ્વીફ્?ટ ગાડીમાં બેસાડી લઈ ગયેલા હતા. ત્યારે હું પ્રિન્સ પાસે જતા પ્રિન્સને માથામાં ઈજા થયેલ હોઈ અને લોહી નીકળતુ હોઈ જેથી તુરંત જ મારા બાઈક ઉપર પ્રિન્સને બેસાડી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા નીકળેલ હતો. ત્યારે રસ્તામાં પ્રિન્સને પુછ્તા મને વાત કરેલ કે હમીર મેરા જોગરાણા સાથે ચીચોડો રાખવા બાબતે ભાવેશભાઈએ કમ્પ્લેઇન કરેલ હોઇ જેનો ખાર રાખી આ હમીર જોગરાણા તથા અન્ય માણસોએ આવી અમારી સાથે ઝઘડો કરી લાકડી ધારીયા વતી અમોને મારેલ છે તેવી વાત પ્રિન્સે મને કહેલ હતી. પ્રિન્સને મેં સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ હતો ત્યારે ત્યાં હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમા ભાવેશભાઈની સારવાર પણ ચાલુ હતી અને તેના માથામાં, હાથમાં તેમજ તેના શરીરે ગંભીર તિક્ષ્ણ હથીયારના ઘા વાગેલા હતા અને તે બેભાન હાલતમા હતાં.

આ બનાવ પાછળનું કારણ એવું છે કે મારા મિત્ર ભાવેશભાઈ ડાયાભાઈ વાણવી (ઉ.વ.૩૨) તથા પ્રિન્સ સુનિલભાઈ વાણવી (ઉ.વ.૧૭) (રહે બંને મણિનગર રૈયા)ને હમીર મેરા જોગરાણા સાથે ચીચોડો રાખવા બાબતે આરએમસીમાં અરજી કરવાની માથાકૂટ હતી. જે બાબતનો ખાર રાખી આ હમીર જોગરાણા તથા તેની સાથેના અજાણ્યા ચારથી પાંચ માણસોએ લાકડી, ધારિયા, કુહાડી વતી ભાવેશભાઈને માથામાં તથા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશિશ કરી તેમજ પ્રિન્સને માથામાં ઇજા પહોંચાડી હતી. જેમાં ભાવેશભાઈનુ મોત થતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે.

આ ઘટનાને પગલે શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો. જાહેર માર્ગ પર બનેલી આ સનસનાટીભરી ઘટનાએ ચકચાર જગાવી છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે, જેમાં સ્વિફ્ટ કારના નંબર અને હુમલાખોરોની ઓળખ મેળવવા પ્રયાસો કરાયા છે. આરોપીઓ ગુનો આચરીને કઈ દિશામાં નાસી છૂટ્યા તે અંગે પણ સ્થાનિકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. ભાવેશભાઈના મોતના સમાચાર મળતા જ તેમના પરિવાર અને રૈયા મણિનગર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક ભાવેશભાઈએ હમીર મેરા જોગરાણા વિરુદ્ધ ચીચોડો રાખવા બાબતે અગાઉ આરએમસી (રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન)માં ફરિયાદ કરી હતી. આ બાબતનો ખાર રાખી હમીર જોગરાણા અને તેના સાગરીતોએ પૂર્વ આયોજિત કાવતરું ઘડી આ ખૂની ખેલ ખેલ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. આ મામલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.એન. પટેલની રાહબ-રીમાં એ.એસ.આઈ. જે.એચ. જાડેજાએ ગુનો દાખલ કરાવતા આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે.

# બેંક ખાતુ હેક કરી રૂ.૨૦ લાખની છેતરપિંડી કરનાર ત્રણ શખ્સોની ધરપકડ

**સાયબર ક્રાઈમે અરજદારોને રૂ.૭.૪૪ લાખ પરત અપાવ્યા**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાયબર ફ્રોડમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ફ્રોડની ઘટના સામે આવી હતી. જેમાં રૂ. ૧૯,૯૯,૪૦૦ની છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનાનો ભેદ ઉકેલવામાં સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ત્રણ આરોપીઓને ઝડપી લઈ રૂ. ૭,૪૪,૪૦૦ ની રકમ રિકવર કરી છે. હાલ પોલીસે બાકીની રકમ રિકવર કરવા સહિતના મામલે આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે.

ડિજિટલ યુગમાં સામાન્ય માણસની મહેનતની કમાણી હડપ કરવા માટે સાયબર ગઠિયાઓ અવનવા કીમિયા અપનાવતા હોય છે. રાજકોટમાં બનેલી આ ઘટનામાં પણ ભેજાબાજ ગુનેગારોએ ફરિયાદીના બેંક ખાતાને નેટ બેન્કિંગના માધ્યમથી હેક કરી લીધું હતું. અને કોઈને ગંધ સુધ્ધાં ન આવે તે રીતે ટેકનોલોજીનો દુરુપયોગ કરી, આ ઠગબાજોએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ખાતામાંથી રૂ. ૧૯,૯૯,૪૦૦ની મત્તા સેરવી લીધી હતી. જ્યારે ફરિયાદીને આ બાબતની જાણ થઈ ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ભાર-તીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસની તપાસ દરમિયાન ટેકનિકલ એનાલિસિસ અને ખાનગી બાતમીદારોની મદદથી આ મામલે ૩ શખ્સોના લોકેશન ટ્રેસ કરવામાં આવ્યા હતા. પોલીસની અલગ-અલગ ટીમોએ દરોડા પાડીને ઉના અને રાજકોટના વિસ્તારોમાંથી ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં ૪૩ વર્ષીય વિનોદભાઈ તારાચંદ ભોજવાણી (રહે. ઉના, જી. ગીર સોમનાથ), ૨૪ વર્ષીય યશભાઈ પ્રફુલભાઈ જાદવ (રહે. વર્ધમાન નગર, રાજકોટ) અને ૨૦ વર્ષીય મહમ્મદદાનિશ મોહમ્મદસિદ્દિક સિપાઈ (રહે. બાપુનગર, રાજકોટ) નો સમાવેશ થાય છે.

આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. જેમાં વિનોદ ભોજવાણી નામના આરોપીના ખાતામાં ફ્રોડના નાણાં જમા થતા હતા અને તે નાણાં ઉપાડીને અન્ય સુધી પહોંચાડતો હતો. જ્યારે યશભાઈ જાદવ નાણાંની હેરફેરીમાં મદદ કરવા બદલ કમિશન મેળવતો હતો. મહમ્મદદાનિશ પણ આ નાણાંની લેવડદેવડમાં સક્રિય રીતે સંકળાયેલો હતો અને તેને આ છેતરપિંડીના નાણાંમાંથી હિસ્સો પણ મળ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હાલ પોલીસે પ્રાથમિક તબક્કે રૂ. ૭,૪૪,૪૦૦ રિકવર કર્યા છે અને ટોળકીના અન્ય તાર ક્યાં જોડાયેલા છે તે દિશામાં તપાસ તેજ કરી છે.

# વિંછીયાના ભડલી ગામે ગાંજાની ખેતી પકડાઇ : રૂ.૩૭.૧૦ લાખના જથ્થા સાથે ખેડૂતની ધરપકડ

**ખેડૂત રમેશ જાદવે પોતાને નશો કરવા અને વેચાણ માટે એક વર્ષ પહેલાં ગાંજો વાવ્યો તો, તૈયાર થયેલ ગાંજો વેચે તે પહેલાં જ ગ્રામ્ય એસઓજીની ટીમ ત્રાટકી ૭૨ કિલો ગાંજો જપ્ત**






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા નશાબંધીના કાયદાનું કડક અમલીકરણ કરવાના ભાગરૂપે એક મોટી સફળતા મેળવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભડલી ગામની સીમમાં દરોડો પાડીને વાડીમાં વાવેતર કરેલો લીલા ગાંજાનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે ૩૭.૧૦ લાખનો ૭૨ કિલો ગાંજો જપ્ત કરી ખેડૂત રમેશ જાદવની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરની સૂચનાથી ગ્રામ્ય એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન એએસઆઈ પરબતભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે વિછીંયાના ભડલી ગામની સીમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ખેડૂત રમેશ રતા જાદવ (ઉ.વ. ૪૦), (રહે. ભડલી ગામ) એ પોતાની કબજા ભોગવટાની સીમશાળા નં. ૩ ની પાછળ ડુંગરાવાળી વિસ્તારમાં આવેલી વાડીમાં ગેરકાયદેસર રીતે ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું. એસઓજીની ટીમ પણ ગાંજાની ખેતી જોઈ ચોંકી ઉઠી હતી.

પોલીસે ખેતરમાંથી ગાંજાના નાના મોટા ૬૪ મૂળિયા સહિતના છોડ મળી રૂ.૩૭.૧૦ લાખનો ૭૪ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ પોતે ગાંજો પીવાનો બંધાણી છે, પોતાની પાસે રહેલ ગાંજાના બી નું એક વર્ષ પહેલા વાવેતર પોતાના ખેતરમાં કર્યું હતું. જે વાવેતર તૈયાર થઈ જતાં વેંચવાની પેરવીમાં હતો ત્યાં જ એસઓજીની ટીમ ત્રાટકી હતી.

# રાજકોટ એઈમ્સના તબીબના આપઘાત પ્રકરણમાં પાંચ ઈન્ટર્ન ડોકટરોની ધરપકડ

**યુવા તબીબના આપઘાતમાં મોટો ખુલાસો : સ્યુસાઇડ નોટમાં માનસિક અને શારીરિક ત્રાસનો ઉલ્લેખ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની એઈમ્સ હૉસ્પિટલના ઈન્ટર્ન ડોક્ટર રતન મેઘવાલે રેલવે ટ્રેક પર પડતું મૂકી આપઘાત કર્યો હતો. આ કેસમાં પાંચ મેડિકલ વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી. એમબીબીએસનો અભ્યાસ કરતા રતને પોતાની સ્યૂસાઈડ નોટમાં આ પાંચ વિદ્યાર્થી અને એક મહિલા મિત્રના કથિત માનસિક અને શારીરિક ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો. મૃતકે અગાઉ બે વાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું પણ બહાર આવ્યું હતું. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર હાલ પોલીસે કોર્ટના આદેશ મુજબ પાંચ ઈન્ટર્ન ડોક્ટર્સને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અગાઉ રતને ૨૮મી જાન્યુઆરીએ પારાપીપળીયા ફાટક પાસે આપઘાત કરવાની કોશિશ કરી હતી. ગ્રામજનોએ તે સમયે તેને બચાવી લીધો હતો અને ત્યારબાદ તેનું કાઉન્સેલિંગ થયું હતું. જોકે તે પોતાને વતન રાજસ્થાન ચાલી ગયો હતો.

યુવક માનસિક રીતે અસ્વસ્થ હોવાનું બહાર આવ્યું હતું. હવે તેની સ્યૂસાઈડ નોટને આધારે પોલીસે કાર્યવાહી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફ્લિપકાર્ટના ગોડાઉનમાંથી ૮.૩૨ લાખના ૨૩ મોબાઈલની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માધાપર ચોકડી પાસે આવેલા ફ્લિપકાર્ટની લોજિસ્ટિક કંપની ઈસ્ટાકાર્ટના વેરહાઉસમાં લાખોની કિંમતના મોબાઈલ ફોનની ચોરી થવાની ઘટના બની છે. કંપનીના જ એરિયા મેનેજર અને ટીમ લીડરે મિલીભગત કરી ગ્રાહકો દ્વારા રિજેક્ટ કે કેન્સલ કરવામાં આવેલા ૮.૩૨ લાખની કિંમતના ૨૩ મોબાઈલ ફોન પરત મોકલવાને બદલે ચોરી કરી વેચી નાખ્યા હોવા સામે આવતા આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં, ફ્લિપકાર્ટમાં એન્ફોર્સમેન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા કર્મચારી મહેશભાઈ મોહનલાલ રાઠોડે નોંધાવેલી ફરિયાદ મુજબ, માધાપર ચોકડી પાસે સુમતિ એવન્યુમાં કંપનીનું વેરહાઉસ આવેલું છે. અહીં ગ્રાહકો દ્વારા ઓનલાઈન ઓર્ડર કરાયેલા પાર્સલ આવે છે અને જો કોઈ ગ્રાહક ઓર્ડર કેન્સલ કરે તો તે પાર્સલ નિયમ મુજબ જે-તે શો-રૂમ કે વિક્રેતાને પરત કરવાના હોય છે.

ગત તા. ૦૨/૦૨/૨૦૨૬ના કંપનીના ફાઈનાન્સ વિભાગ અને હબ ઇન્ચાર્જ રાજેશભાઈ પંપાણિયા દ્વારા તપાસ કરવામાં આવતા જાણવા મળ્યું હતુ કે, ડેટામાં ૨૩ જેટલા મોબાઈલ ફોન ગુમ બતાવે છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, વેરહાઉસમાં ટીમ લીડર તરીકે કામ કરતા કમલેશ ભીખાભાઈ ડાંગરએ એરિયા મેનેજર કેતન અરજણભાઈ રાઠોડના કહેવાથી આ ૨૩ મોબાઈલ ફોન શો-રૂમમાં પરત કરવાને બદલે ચોરી કર્યા હતા. એરિયા મેનેજર કેતન રાઠોડે આ તમામ મોબાઈલ બારોબાર વેચી નાખ્યા હતા.

# રાજકોટના બેડલા ગામે ડિગ્રી વિના તબીબી પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એ કોઈપણ જાતની મેડિકલની ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો છે. બેડલા ગામમાં ૪૫ વર્ષીય ભાવેશ જોશી નામનો યુવાન ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે ગ્રાહક બની રેડ પડી હતી અને તેને ઝડપી પાડ્યો હતો. જેની પાસેથી પોલીસે એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન કબજે કર્યા છે. બોગસ ડોક્ટર છેલ્લા ૬ મહિનાથી તબીબી પ્રેક્ટિસ કરી લોકોને આરોગ્ય સાથે ચેડા કરતો હતો. જેને પોતે કોલેજ સુધીનો જ અભ્યાસ કર્યો હોવા છતાં દવાખાનું ખોલી નાખ્યું હતું.

એસઓજી પોલીસને ૧૪ માર્ચના બેડલા ગામે બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસ ત્યાં પહોંચી તો બેડલા ગામના રામજી મંદિર પાસે દવાખાનું હતું. જે તબીબ ભાવેશ જોશીનું હોવાનું જણાયું હતું. જેથી તેની પાસેથી મેડિકલ ડિગ્રી માંગવામાં આવી હતી. જો કે, મેડિકલની કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસની વધુ પૂછપરછમાં તે રાજકોટના મવડી મેઈન રોડ ઉપર રહેતો હોવાનું અને અહીં મેડિકલ ડિગ્રી વિના તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું તેણે સ્વીકાર્યું હતું. પોલીસે તેની પાસેથી હોસ્પિટલના સાધનો, એલોપેથિક દવાઓ, ઈન્જેકશન વગેરે તથા રોકડા રૂ.૪૫૦૦ મળી કુલ કિંમત રૂ.૫૦,૧૯૯નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને તેની વિરુદ્ધ ગૂનો દાખલ કરી ધરપકડ કરી હતી.

**પુણ્યતિથિએ હૃદયાંજલિ**




**સ્વ.શ્રી રાજકુમાર ક્રિપાલસિંહજી પરમાર**
એમ.એ., એલ.એલ.બી., એડવોકેટ સ્વ.તા.૧૫/૦૩/૧૪

નિડરતા, નિષ્ઠા, પ્રમાણિકતા, ધૈર્યતાના પર્યાય સમા વ્યક્તિત્વને પૂણ્યતિથિએ હૃદયાંજલી

લી.

રૂપરાજસિંહ આર.પરમાર (એડવોકેટ)
પ્રેમરાજસિંહ રૂપરાજસિંહ.પરમાર (એડવોકેટ)
હેતરાજસિંહ રૂપરાજસિંહ પરમાર
તથા આપનો પરિવાર

# ગોંડલના વાછરા રોડ પર વાડીમાં દેશીદારૂનું મીની કારખાનું ઝબ્બે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે ધંધાઓ પુરજોશમાં ચાલતા હોવાની અનેકવાર ફરીયાદો ઉઠવા છતાં પોલીસે કોઇ નક્કર કાર્યવાહી ભૂતકાળમાં કરી ન હતી. પરંતુ રાજકોટ રેન્જ આઇજી તરીકે નિર્લિપ્ત રાયની નિમણૂંક થયા બાદ રાજકોટ ગ્રામ્ય પોલીસ હરકતમાં આવી છે. ગોંડલ સીટી પોલીસે વાછરા રોડ પર વાડીમાં ચાલતુ દેશી દારૂનું મીની કારખાનું ઝડપી લઇ ૫૬૦ લીટર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ સીટી પોલીસના પીઆઇ એલ.આર.ગોહિલની સુચનાથી પીએસઆઇ એસ.આર.પંડયા, હેડ કોન્સ.યુવરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે ગોંડલના ભગવતપરામાં રહેતો રફીક બાવા લાખાણીની વાછરા રોડ પર આવેલી વાડીએ દરોડો પાડતા દેશી દારૂ બનાવવાનું મીની કારખાનું પકડાયું હતું. પોલીસે દેશી દારૂનો આથો, દેશી દારૂ અને ભઠ્ઠીના સાધનો મળી રૂ.૧૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલાના નાગડકા રોડ પર કારમાં મોંઘીદાટ ૮૭ બોટલ વિદેશી દારૂ સાથે ચાલક ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં આવેલ નાગડકા રોડ પર પોલીસે શંકાસ્પદ નિકળેલી હોન્ડા સીટી કારને અટકાવી તલાસી લેતા ચોર ખાનામાંથી ૮૭ બોટલ મોંઘીદાટ વિદેશી દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૫.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ જે.પી.રાવની સુચનાથી એએસઆઇ મદનસિંહ, હેડ કોન્સ. શક્તિસિંહ, કોન્સ. ઓમદેવસિંહ સહિતનો સ્ટાફ ગોંડલના નાગડકા રોડ પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા તે દરમ્યાન હકિકત મળી હતી કે, ગોંડલના તિરૂમાલા ગોલ્ડ રેસીડેન્સીમાં રહેતો રવિ અરજણ પરમાર નામનો શખ્સ પોતાની હોન્ડા સીટી કાર નં. જીજે૦૫આરકે૯૫૫૧માં ચોર ખાનામાં દારૂની બોટલો છુપાવી નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન રવિ પરમાર કાર લઇ નિકળતા પોલીસે અટકાવી કારની તલાસી લઇ ચોર ખાનામાંથી મોંઘીદાટ ૮૭ બોટલ કબ્જે લઇ કાર સહિત રૂ.૫.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં જુગાર રમતા ચાર નામચીન જુગારીઓની ધરપકડ



રાજકોટ રેન્જ આઇજી તરીકે નિર્લિપ્ત રાયની નિમણૂંક બાદ ગોંડલમાં ચાલતા ગોરખ ધંધાઓ પર જાણે બ્રેક લાગી ગઇ હોય તેમ પોલીસ હરકતમાં આવી દારૂ જુગાર સહિતની ગેરકાયદે પ્રવૃતિ પર અંકુશ લાવવા ઠેકઠેકાણે દરોડા પાડી રહી છે ત્યારે ગોંડલની સરકારી દાવાખાના સામે ખાડામાં વર્ષોથી ચાલતા જુગાર ઉપર ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી જુગાર રમતો નામચીન જુગારી અને અગાઉ હત્યાની કોશીશ, હત્યાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો ગોંડલના ભગવતપરાના ખાટકીવાસનો મોહસીન અબ્બુ કટારીયા તથા જુનાગઢ કામદાર સોસાયટીમાં રહેતો ગૌતમ બકુલ ઝાલા, અજય રમેશ સોલંકી, ગોંડલની આશાપુરા ચોકડી રહેતો જેરામ ગીરધર દુધરેજીયા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૨૩૨૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.